**સુવિચાર**

''નદીનાં પાણી નીચે જેમ રેત હોય છે, એમ માની આંખના પાણી નીચે હેત હોય છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૨/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૦૫૩

## પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

# રાજુલા-જાફરાબાદ કોસ્ટલ હાઈવે ઉપર અંડર પાસ બનાવો

અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠા વિસ્તારમાંથી પસાર થતાં હાઈવે આસપાસ મોટી સંખ્યામાં સિંહોનો વસવાટ

હાઈવે ઉપર પસાર થતાં વાહનો અવારનવાર સિંહોને હડફેટે લઈ રહ્યા છે

જે રીતે ''વાઘ''ની સુરક્ષા માટે અલગ-અલગ નેશનલ હાઈવેમાં અંડરપાસ બનાવાયા હોય તેવું કરવુ જરૂરી

દેશનાં ગૌરવસમા સિંહોની સુરક્ષા માટે તાત્કાલિક આ હાઈવેમાં અંડરપાસ બનાવવા જરૂરી છે




અમરેલી, તા. ૧૩

રાજુલા-જાફરાબાદનાં પૂર્વ ધારાસભ્ય અને ભાજપનાં અગ્રણી અંબરિષ ડેરે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રાષ્ટ્રીય પ્રાણી વાઘનાં સંરક્ષણ અને સુરક્ષા માટે કેન્દ્ર સરકાર ધ્વારા અલગ અલગ નેશનલ હાઈવે પર ૫૦થી વધુ અન્ડરપાસ બનાવવામાં આવ્યા છે જેનાથી વાઘ રોડ અકસ્માતથી સુરક્ષિત બન્યો છે. ભારતનાં જંગલ (ખાસ કરીને ટાઈગર રિઝર્વ) માંથી પસાર થતાં નેશનલ હાઈવે પર ટાઈગર અને અન્ય વન્યજીવોને સુરક્ષિત રીતે પસાર થવા માટે અંડરપાસ અથવા વાઈલ્ડલાઈફ ક્રોસિંગ બનાવવામાં આવ્યા છે. જેમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, મુંબઈ નેશનલ હાઈવે, છતીશગઢમાં આ સિસ્ટમથી વાઘનું સંરક્ષણ થઈ રહ્યું છે. જેમાં કુલ ૬૦ જેટલા વાઘ માટે અંડરપાસ કે બ્રિજ છે.

હાલ રાજુલા-જાફરાબાદના કોસ્ટલ બેલ્ટ વિસ્તાર ૨૦૨૫ની સિંહ ગણતરીમાં સિંહની સંખ્યા ૭૪થી નોંધાયેલ છે હાલ તે વધી રહી છે. ત્યારે ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલા-જાફરાબાદ વિસ્તારમાં પસાર થાય છે અને તે નેશનલ હાઈવે પર વન્ય પ્રાણી સિંહના અકસ્માત વધી રહ્યા છે. અહીં તાજેતરમાં ત્રણ બનાવો સિંહના વાહન અકસ્માતમાં મૃત્યુ નોંધાયા છે. જેથી અહી પણ રાજુલા ચારનાળા નેશનલ હાઈવે પરથી લઈ છેક ઉના સુધી નેશનલ હાઈવે પર સિંહોને પસાર થવા સ્પેશ્યલ અંડરબ્રિજ અથવા અંડર બાયપાસ બનાવવા જરૂરી છે. જેથી સિંહોના અકસ્માત, માર્ગ અકસ્માત અટકે અને ગીરનાં ગૌરવવંતા સિંહોની સુરક્ષા વધે અને અકસ્માત જે નેશનલ હાઈવે પર થઈ રહ્યા છે તે અટકે.

ખાસ કરીને રાજુલા-પિપાવાવ પોર્ટ નજીક, રાજુલા ચારનાળા નજીક, બાલાની વાવ નજીક, નાગેશ્રી ચેક પોસ્ટ નજીક, હેમાળ અને ટીંબી વચ્ચે અને ગાંગડા સામતેર પાસે સિંહનો કોરીડોર છે અને સિંહો નિયમિત અહીથી નેશનલ હાઈવે ક્રોસ કરી તેની મુવમેન્ટ કરે છે. તો આ વિસ્તારમાં નેશનલ હાઈવે પર સિંહોનો અંડરપાસ કોરીડોર બનાવવાની માંગ છે.

## ''આપ''નાં પ્રમુખને દારૂનાં કેસમાં ફસાવી માર માર્યાનો આક્ષેપ

# બાબરા પાલિકા પ્રમુખ સહિત ૩ વ્યકિતઓ સામે કોર્ટ દ્વારા તપાસનાં આદેશથી ચકચાર

### સ્થાનિક રાજકારણમાં ગરમાવો લાવતી ઘટના

બાબરા, તા. ૧૩

બાબરા નગરપાલિકામાં ચાલતા ભ્રષ્ટાચારની વિગતો માંગવી આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ અને વકીલને ભારે પડી હોય તેમ, નગરપાલિકાના સત્તાધીશો દ્વારા તેમને દારૂના ખોટા કેસમાં ફસાવી, નિર્મમ પણે માર મારવાની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે. આ મામલે સ્થાનિક પોલીસે ફરિયાદ ન નોંધતા મામલો કોર્ટમાં પહોંચ્યો હતો, જયાં બાબરા કોર્ટે નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, કારોબારી સમિતિના ચેરમેનના પતિ અનિ મકવાણા અને સદસ્ય ધર્મેન્દ્ર વાવડીયા વિરૂધ્ધ ક્રિમિનલ ઈન્કવાયરી (ફોજદારી તપાસ) કરવાનો આદેશ આપતા રાજકીય આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ઘટનાની વિગતો મુજબ, બાબરા આપ શહેર પ્રમુખ અને એડવોકેટ કૌશિકભાઈ ભરાડે જુલાઈ-૨૦૨૫માં નગરપાલિકા પાસે ભ્રષ્ટાચાર અંગેની આર.ટી.આઈ. હેઠળ માહિતી માંગી હતી, જેનો ખાર રાખી ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ

અનુસંધાન પાના ૬ ઉપર

## યુવકે પિતા ઠપકો આપશે તે માનીને પગલુ ભર્યુ

# મોટી કુંકાવાવનાં યુવકે અને નારાયણનગરનાં વૃધ્ધાએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

### વૃધ્ધા ગોઠણનાં દુઃખાવાથી કંટાળી ગયા

અમરેલી, તા. ૧૩

મોટી કુંકાવાવ ગામના યુવકે તથા લાઠી તાલુકાના નારાયણનગર ગામે એક વૃધ્ધાએ ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

મોટી કુંકાવાવ ગામે આવેલ રામપરા ચોકમાં રહેતા આર્યન ચીમનભાઈ રાંક નામના ૨૦ વર્ષીય ખેડુત યુવકનો મોબાઈલ તુટી જતા તેમને તેમના પિતા ખીજાશે અને ઠપકો આપશે તેવું મનમાં લાગી આવતા ગત તા. ૧૨ ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યાના સમયે મોટી કુંકાવાવ ગામે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા યુવકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે. જયારે બીજા બનાવમાં લાઠી તાલુકાના નારાયણનગરના ઢોરા

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૭ ૪૭૨૮૫
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફુટ ચુરમાના લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૭૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

જોઈએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,40,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ, વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધ્રોળ, રાજકોટ
:: અનુભવ ::
૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધ્રોળ • ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા • ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી • ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ડેનિશ સાવલીયા — નેફ્રોલોજીસ્ટ — કિડનીના રોગોના નિષ્ણાંત — તા. ૧૪/૦૨/૨૦૨૬- શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. મનિષ પરૂણી — ન્યુરો ફીજીશ્યન — મગજના રોગોના નિષ્ણાંત — તા. ૧૪/૦૨/૨૦૨૬- શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ — હૃદયરોગ નિષ્ણાંત — તા. ૧૫/૦૨/૨૦૨૬- રવિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા — કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન — MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી — MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી — ડો. સંદીપ ખેની — હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા — MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

## હનુમાનપરાથી આગળ આવેલ રણુજાધામ સોસાયટીમાં વિકરાળ સ્થિતિ

# અમરેલીમાં ભૂગર્ભ ગટરનું ગંધાતુ પાણી માર્ગ પર ફરી વળ્યુ

સ્વચ્છતા અભિયાનની ગુલબાંગો વચ્ચે અવારનવાર ઉભરાતી ગટરોની સમસ્યા સામે આવી રહી છે

૩ દિવસ પહેલા જિલ્લા પંચાયત માર્ગ ઉપર ગંભીર સ્થિતિ ઉભી થયા બાદ વધુ એક તસ્વીર

દર મહિને ભૂગર્ભ ગટરની જાળવણી માટે થતાં લાખો રૂપિયાનાં ખર્ચનું કોઈ વળતર મળતુ નથી

સત્તા પક્ષ ભાજપ સુવિધા નહી આપે તો ચૂંટણીમાં આવી રહેલ વિજયનો કોળીયો છીનવાઈ જશે



અમરેલી, તા. ૧૩

અમરેલીમાં દિ'ઉગેને કોઈને કોઈ વિસ્તારમાંથી ભૂગર્ભ ગટરનાં ગંધાતા પાણી જાહેર માર્ગ ઉપર ફરી વળતા હોવાની ફરિયાદ ઉભી થઈ રહી છે. ૩ દિવસ પહેલા જિલ્લા પંચાયત માર્ગ ઉપરનાં વેપારીઓ ભૂગર્ભ ગટરનાં ગંધાતા પાણીથી અકળાઈ ઉઠયાનાં અહેવાલોની શાહી સુકાઈ નથી ત્યાં શહેરનાં હનુમાનપરા વિસ્તારમાં આવેલ રણુજાધામ સોસાયટીનાં રહેવાસીઓને આંગણે મુસીબત ઉભી થઈ છે.

શહેરમાં એક તરફ સ્વચ્છતાની ગુલબાંગો શાસકો ફેંકી રહ્યા છે. જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાનાં ખર્ચે શહેરમાં બનાવવામાં આવેલ ભૂગર્ભ ગટર બનતી હતી ત્યારે જ વિવાદનું કેન્દ્ર બની હતી. પાણીનો ઢોળાવ રાખવાથી લઈને પાઈપલાઈનની કવોલીટીમાં બાંધછોડ સહિતની વ્યાપક ફરિયાદ ઉભી થઈ હતી અને તે સમયે જ અમુક નિષ્ણાંતો ચેતવણી આપતાં હતા કે આ ભૂગર્ભ ગટર થોડા વર્ષોમાં શહેરીજનોની સમસ્યા ઘટાડવાને બદલે વધારશે અને આજે આ ચેતવણી સચોટ સાબિત થઈ રહી છે.

રણુજાધામ સોસાયટીનાં રહીશોનું કહેવું છે કે, પાણીનો ઢાળ જ ઊંધી દિશામાં હોવાથી અવરનવાર પાણીનો ભરાવો થાય છે. મકાનમાંથી પાણી ભૂગર્ભ ગટર તરફ જતું નથી અને કયાંય ભૂગર્ભ ગટરનું ઢાંકણા લીકેજ હોવાથી ગટરનાં ગંધાતા પાણી જાહેર માર્ગ ઉપર ઘરઆંગણે અને સાર્વજનિક પ્લોટમાં એકત્ર થતાં હોય ઘરમાં રહેવું તો મુશ્કેલ છે પણ ઘર બહાર નીકળતી વખતે પણ નાકે રૂમાલ રાખવો પડે છે અને ગંધાતા પાણીથી મચ્છરનો ઉપદ્રવ અને તેનાથી રોગચાળાનો લખતરો ઉભો થાય છે.

સ્થાનિકો કહે છે કે, પાલિકામાં અવારનવાર રજૂઆત કરવામાં આવે છતાં પણ ગટરનું રીપેરીંગ, સફાઈ જેવી કામગીરી કરવામાં આવતી નથી. આ અંગે પાલિકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ ઉભી થઈ છે.

---

### મહાશિવરાત્રિનાં પર્વ નિમિત્તે

## અમરેલીમાં બ્રહ્મકુમારીઝ સંસ્થા દ્વારા સહસ્ત્ર શિવલિંગ અને ૧૨ જયોતિલિંગ દર્શન

**સીનિયર સિટીજન પાર્ક ખાતે સવારનાં ૭ થી રાત્રીનાં ૧૨ સુધી દર્શન**

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં આંગણે મહાશીવરાત્રીના પાવન દિવસે બ્રહ્માકુમારીઝ દ્વારા સીનીયર સીટીજન પાર્ક ખાતે સહસ્ત્ર શિવલિંગ દર્શન તથા ૧૨ જયોતિલિંગ દર્શન તા. ૧૫/૨/૨૬ ને રવિવારના રોજ સવારના ૭:૦૦ થી રાત્રીના ૧૨ સુધી રહેશે તો ધર્મપ્રેમી ભાઈ બહેનોને અનુરોધ કરવામાં આવેલ છે.

---

### બાબરાનાં ભાજપ અગ્રણીને મહત્વની જવાબદારી

## અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાનાં પ્રમુખ તરીકે મુકેશ ખોખરીયાને જવાબદારી

**સંગઠન ક્ષમતા અને મેનેજમેન્ટની કદર કરાઈ**



બાબરા, તા. ૧૩

ભારતીય જનતા પાર્ટીએ સંગઠન માટે સમર્પિત કાર્યકરોની કદર કરવાની પોતાની પરંપરા જાળવી રાખી છે, જેના ભાગરૂપે બાબરા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાને પક્ષ દ્વારા મોટી જવાબદારી સોંપી પ્રમોશન આપવામાં આવ્યું છે. અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ તરીકે તેમની વરણી થતા સમગ્ર જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે અને કાર્યકરોમાં નવી ઊર્જાનો સંચાર થયો છે.

મુકેશભાઈ ખોખરીયાએ બાબરા શહેર ભાજપપ્રમુખ તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન સંગઠનને લોખંડી મજબૂતી પ્રદાન કરી હતી. તમામ જ્ઞાતિ–વર્ગના લોકોને સાથે રાખીને ચાલવાની તેમની કુશળતા અને કેન્દ્ર–રાજય સરકારની જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના ઘર સુધી પહોંચાડવાની તેમની ધગશને જિલ્લા તેમજ પ્રદેશ ભાજપના નેતૃત્વએ ખૂબ બિરદાવી છે. ખાસ કરીને ચૂંટણીઓ દરમિયાન માઈક્રો લેવલના 'બૂથ મેનેજમેન્ટ'માં તેમની માસ્ટરી પક્ષ માટે હંમેશા વિજયી સાબિત થઈ છે. તેમની આ જ સફળતા અને પક્ષ પ્રત્યેની વફાદારીને ધ્યાને રાખીને ભાજપ દ્વારા હવે તેમને જિલ્લા કિસાન મોરચાની મહત્વની જવાબદારી સોંપાઈ છે.

આ નવી જવાબદારી મળતા મુકેશભાઈ ખોખરીયાએ હર્ષ અને ગૌરવની લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે, ''પક્ષે હંમેશા મારા પર વિાસ મૂક્યો છે અને મેં પક્ષના આદેશને શિરોધાર્ય માની ખંતપૂર્વક કામ કર્યું છે. હવે કિસાન મોરચાના માધ્યમથી હું 'જગતના તાત' એવા ખેડૂતોના પ્રશ્નોને વાચા આપીશ. ખેડૂતોની સમસ્યાઓના નિરાકરણ માટે અને તેમના હિતોના રક્ષણ માટે હું અવિરત કાર્યરત રહીશ.''

બાબરાના લોકપ્રિય નેતાની જિલ્લા સ્તરે પસંદગી થતા જ અભિનંદનનો ધોધ વછૂટ્યો છે. બાબરા નગરપાલિકાના પ્રમુખ, જિલ્લા પંચાયતના અગ્રણીઓ, તાલુકા ભાજપના હોદ્દેદારો સહિત વેપારી મંડળો અને સામાજિક સંસ્થાઓએ આ વરણીને હર્ષભેર વધાવી લીધી છે. મુકેશભાઈની આ નિયુકિતથી આગામી સમયમાં અમરેલી જિલ્લામાં કિસાન મોરચાનું સંગઠન વધુ વેગવંતુ બનશે તેવો આશાવાદ કાર્યકરો સેવી રહ્યા છે.

---

### ધારાસભ્ય જનક તળાવિયાએ કર્યુ ખાતમુર્હત

## લાઠીનાં વીરપુર ગામે પંચાયત ભવનનુ નવુ મકાન બનાવાશે

**ગ્રામજનોમાં ખુશીનો માહોલ ઉભો થયો**





અમરેલી, તા. ૧૩

લાઠી તાલુકાના વીરપુર ગામે ગ્રામ વિકાસને નવી દિશા આપનાર પંચાયત ભવનના નવ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત વિધિવત્ આયોજન સાથે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મંગલાચાર અને પૂજનવિધિ સાથે કરવામાં આવી હતી. પંચાયત ભવન ગામના શાસકીય તથા વિકાસલક્ષી કાર્યો માટે એક કેન્દ્રસ્થાન તરીકે કાર્ય કરશે. નવા ભવનમાં ગ્રામજનોને વિવિધ શાસકીય યોજનાઓની માહિતી, અરજીઓની પ્રક્રિયા, બેઠકઓ તેમજ સામાજિક કાર્યક્રમો માટે સુવિધાસભર માહોલ ઉપલબ્ધ થશે.

આ અવસરે ધારાસભ્યએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રાજય સરકાર ગામડાંના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. વીરપુર ગામે પંચાયત ભવનનું નવું નિર્માણ ગામના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. તેમણે વધુમાં ઉમેર્યુ કે ગ્રામ વિકાસ, માર્ગ વ્યવસ્થા, પાણી પુરવઠો, સ્વચ્છતા અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

સરપંચએ જણાવ્યું હતું કે જૂનું પંચાયત ભવન જગ્યાની અછત અને અપૂરતી સુવિધાઓને કારણે ગ્રામજનો માટે અનુકૂળ ન હતું, જેથી નવું આધુનિક ભવનગામ માટે આશીર્વાદરૂપ બનશે. તેમણે વિકાસ કાર્યો માટે રાજય સરકાર અને ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો.

---

### ''તેરા તુજકો અર્પણ'' અંતર્ગત

## અમરેલીમાં માર્ગમાં રોકડા, દાગીનાની થેલી પડી ગયા બાદ પોલીસે શોધી પરત કરી



અમરેલી, તા. ૧૩


અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં મિલ્કત ગુમના બનાવોમાં સત્વરે મિલ્કત શોધી મુળ માલીકને પરત કરવા તથા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમની અમલવારી કરવા સુચના આપેલ હોય. જે અનુસંધાને અરજદાર હરસુખભાઈ જીવરાજભાઈ ડાભી (રહે. અમરેલી, સુળીયાટીંબો, પેટ્રોલપંપની સામે)એ ગત તા. ૧૦ના રોજ લગ્ન પ્રસંગમાંથી પરત આવતા હતા ત્યારે પોતાની પાસે રહેલ રોકડા રૂપિયા ૨,૬૦,૦૦૦ તથા એક પાંચ ગ્રામની સોનાની વીંટી કિંમત રૂપિયા ૫૦,૦૦૦ તથા પાંચ ગ્રામની સોનાની બુટી કિંમત રૂપિયા ૫૦,૦૦૦ એક થેલીમાં રાખેલ હોય. જે થેલી પોતાના ઘરે આવતા રસ્તામાં કયાંક પડી ગયેલ હતી.

જે અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં રૂબરૂ આવી હકિકત જણાવતા જે અનુસંધાને અમરેલી સીટી પોલીસ સ્ટેશનના ડી. સ્ટાફ તથા બહારપરા બીટ દ્વારા ટેકનીકલ સોર્સ તથા કમાન્ડ કંટ્રોલ સી.સી.ટી.વી.ની મદદથી શોધી અરજદારને તેના રોકડા રૂપિયા ૨,૬૦,૦૦૦ તથા સોનાની વીંટી કિંમત રૂપિયા ૫૦,૦૦૦ તથા સોનાની બુટી કિંમત રૂપિયા ૫૦,૦૦૦ અરજદારને પરત કરી "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ સાર્થક કરેલ હતો.

---

### રૂપિયા ૧.૦૫ કરોડની રકમની સૈદ્ધાંતિક મંજુરી

## સાવરકુંડલા પંથકની ''જીવનદોરી'' સમાન નદીઓનુ થશે નવસર્જન : ધારાસભ્ય કસવાલા







અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના સર્વાંગી વિકાસ અને ખેડૂતોની સમૃધ્ધિ માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સતત પ્રયત્નોને મોટી સફળતા મળી છે. તાલુકાની 'જીવનદોરી' સમાન નદીઓ અને ડેમોની જળ સંગ્રહ ક્ષમતા વધારવા માટે સરકાર દ્વારા આ કામ અંતર્ગત બાઢડા નદી ઊંડી ઉતારવાનું કામ રૂા. ૩૭.૯૨ લાખ, શેલણા નદી પર નવો ચેકડેમ બનાવવો રૂા. ૨૮,૦૭ લાખ, ઘાંડલા ફલડ પ્રોટેકશન (પુર સંરક્ષણ) દીવાલ રૂા. ૨૨.૭૮ લાખ, મેરીયાણા ફલડ પ્રોટેકશન (પુર સંરક્ષણ) દીવાલ રૂા. ૧૭.૧૨ લાખ કુલ રૂા. ૧.૦૫ કરોડના વિકાસકાર્યોને સૌધ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. આ પ્રોજેકટ્સથી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે અને ચોમાસા દરમિયાન પૂરના જોખમમાં ઘટાડો થશે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ અંગે ખુશી વ્યકત કરતા જણાવ્યું હતુ કે, ''આ વિકાસકાર્યો સાવરકુંડલા તાલુકા માટે આર્શીવાદરૂપ સાબિત થશે. નદીઓ ઊંડી થવાથી અને નવા ચેકડેમ બનવાથી પાણીનો સંગ્રહ વધશે, જેનો સીધો લાભ ખેતી અને પશુલાનને મળશે. સાથે જ ફલડ પ્રોટેકશન વોલના નિર્માણથી ખેતરો અને રહેણાંક વિસ્તારોમાં પુરથી થતું નુકસાન અટકશે.'' ભૂગર્ભ જળ : જળ સંગ્રહ વધતા આસપાસના કુવા અને બોરના તળ ઊંચા આવશે. પર્યાવરણ : નદીઓના પુનજીવનથી સ્થાનિક પર્યાવરણમાં સુધારો થશે.

# જયાં અભ્યાસ મેળવીને બાળકો દેશનું ભવિષ્ય બનાવવાનાં છે તેવી

# સરસ્વતીનાં ધામ સમી શાળાનું મકાન બનાવવામાં ભ્રષ્ટાચારની બદબુ

**વડિયાનાં કૃષ્ણપરામાં જનતાનાં પરસેવાનાં પૈસાથી બનેલ શાળાનાં મકાનનાં બાંધકામમાં દે ધનાધન થયાની ફરિયાદ**

**જાગૃત નાગરિકો અને પત્રકારોએ ભ્રષ્ટાચાર સામે રજૂઆત કરી છતાં કોઈ તટસ્થ તપાસ થતી નથી**

**અધિકારીઓ કયાં કારણોસર તટસ્થ તપાસ સૌને સાથે રાખીને કરતાં નથી તે ચર્ચાનો વિષય**

**ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર વગર શાસન ચાલતું હોય તો તટસ્થ તપાસ તો થવી જોઈએ જ**

વડિયા, તા. ૧૩

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાના કૃષ્ણપરા વિસ્તારમાં આવેલી મોંઘીબા પ્રાથમિક શાળાના બિલ્ડીંગના નવનિર્માણનું કામ એક વર્ષ પહેલા શરૂ કરવામાં આવ્યુ હતુ. આ બિલ્ડીંગમાં ભ્રષ્ટાચારની બદબુ આવતા વડિયાના જાગૃત નાગરિકો અને પત્રકારોએ આ બાબતે તટસ્થ તપાસની માંગણી સાથે પ્રિન્ટ અને ઈલેટ્રોનિક મીડિયામાં અવાજ ઉઠાવ્યો હતો. આ બિલ્ડીંગમાં લાઈન લેવલ વગરના નબળા બાંધકામ અને નબળા મટીરીયલ બાબતે મીડિયામાં અનેકવાર મુદ્દો સામે આવ્યો ત્યારે શરૂઆતમાં જિલ્લાના એસએસએના જવાબદાર અધિકારીઓ દ્વારા તટસ્થ તપાસ કરીશું, સ્થાનિકો અને પત્રકારોને સાથે રાખીને તપાસ કરાવીશું, થર્ડ પાર્ટી તપાસ કરાવીશું જેવા બણગા ફૂંકયા હતા. ત્યારબાદ સૂત્રોમાંથી મળેલી વિગતો મુજબ કોઈ રાજકીય નેતાઓ, કોન્ટ્રાકટર અને અધિકારીઓની મિલીભગતથી બંધ બારણે તપાસ કરવા આવેલાં અધિકારીઓએ ન તો કોઈ સ્થાનિકને બોલાવ્યા કે ન તો કોઈ પત્રકારોને બોલાવ્યા અને સામાન્ય તપાસ કરીને જતા રહ્યા. આ બાબતની જાણ સ્થાનિક પત્રકારોને થતા તેમને એસએસએના અધિકારીઓ સાથે વાતચીત કરતા તેમના જવાબોમાં પણ વિસંગતતા જોવા મળી. કોઈ કહે કે આજે તપાસ વડિયા આવી છે અને કોઈ કહે કે હજુ તપાસ કરવાની બાકી છે. ત્યારબાદ આ તમામ અધિકારીઓએ વડિયાના લોકો અને પત્રકારોના ફોન ઉપાડવાનું જ બંધ કરી દેતા હવે આ મામલો જાણે જિલ્લાની ઓફિસમાં બેસીને બંધ બારણે ચાલતો હોય તેમ આ બિલ્ડીંગ ભ્રષ્ટાચારની તપાસ, કાર્યવાહી અને લોકાર્પણની વચ્ચે ત્રણ ચાર માસથી અડીખમ ઉભું ધૂળ ખાય છે. વાસ્તવમાં આ બિલ્ડીંગમાં લાઈન લેવલ વગર નબળું કામ થયુ તે બાબતે સ્થાનિક લોકો અને પત્રકારોને સાથે રાખી તટસ્થ તપાસ થવી જોઈએ, જો ભ્રષ્ટાચાર સામે આવે તો જવાબદાર કોન્ટ્રાકટર સામે પગલાંઓ લેવા જોઈએ પરંતુ ભ્રષ્ટાચારની તપાસ કરનાર જવાબદાર અધિકારી આ બાબતથી ભાગી રહ્યા છે અને આ વિસ્તારના ધારાસભ્ય એવા ગુજરાત સરકારના મંત્રી કૌશિક વેકરીયા ભ્રષ્ટાચાર રોકવા બાબતે સભાઓમાં લોકોને જાગૃત કરે છે. તો તે પોતાના મત વિસ્તારમાં વિકાસ કાર્યમાં થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપો બાબતે આગળ આવી સ્થાનિકો અને પત્રકારોને સાથે રાખીને તટસ્થ તપાસ કરાવે અને જો ભ્રષ્ટાચાર હોય તો નિયમાનુસાર પગલાંઓ લેવાની કાર્યવાહી કરાવે તે ખુબ જરૂરી છે. હાલ વડિયાની મોંઘીબા શાળામાં અભ્યાસ કરતા બાળકો એક વર્ષ ઉપરથી અગવડતા ભોગવીને અભ્યાસ કરવા મજબુર બન્યા છે. ત્યારે હાલ આ બાબતે એક જાગૃત પત્રકાર દ્વારા એવું જણાવાયું છે કે આવનાર ટૂંકા ગાળામાં જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આ મુદ્દાને મુખ્યમંત્રી પોર્ટલ પર આ ફરિયાદના રૂપમાં લઈ જવામાં આવશે અને ભ્રષ્ટાચારીઓને કોઈ ભોગે છાંવરવા દેશું નહિ અને જે છાવરતા હશે તેવા અધિકારી સામે પણ પગલાંઓ લેવડાવવા માટે પૂરી લડત આપીશું. તેના ભાગરૂપે વડિયાના વરિષ્ઠ પત્રકાર દ્વારા એક આરટીઆઈ કરવામાં આવી છે. આ આરટીઆઈના જવાબમાં શું બહાર આવે છે તેના પરથી સમગ્ર ઘટના વિષે કોની મીલીભગત છે તે સામે આવે તેમ છે. પરંતુ તંત્ર આરટીઆઈનો જવાબ આપશે કે મીલીભગત ખુલ્લી ના પડે તે માટે ટલ્લે ચડાવવા પ્રયત્ન કરશે તે તો આવનાર સમય જ બતાવશે.







## જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે

# અમરેલીનાં ભયજનક ઈસમની પાસા હેઠળ અટકાયત કરવામાં આવી

**એલસીબીએ સુરતની જેલમાં મોકલી દીધા**

અમરેલી, તા. ૧૩

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર ડી.કે. વાઘેલાએ શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવ ધરાવતા અમરેલીના લીલાનગરમાં રહેતા ભયજનક ઈસમ સાજીદ રજાકભાઈ ભટ્ટી વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફતે અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.



આ ભયજનક વ્યકિતની

સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ વિકલ્પ ભારદ્રાએ આ ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતા અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સપેકટર એ.ડી. ચાવડા તથા અમરેલી સીટી પોલીસ ઈન્સપેકટર ડી.કે. વાઘેલા તથા એલસીબી તથા અમરેલી સીટી પોલીસ ટીમ ધ્વારા સાજીદ રજાકભાઈ ભટ્ટીને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, સુરત ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

# વડેરા પ્રાથમિક શાળામાં બાળકોનાં આરોગ્યની ચકાસણી કરવામાં આવી


અમરેલી, તા. ૧૩

વડેરા પ્રાથમિક શાળા ખાતે આરકેએસકે કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૫ થી ધોરણ ૮ના બાળકોનાં વજન, ઉંચાઈ અને બી.એમ.આઈ.ની તપાસ કરવામાં આવી. તથા બાળકોને આરોગ્ય વિષયક શિક્ષણ જેમ કે વાહકજન્ય રોગો ફેલાવવાનાં કારણો તેને અટકાવવાના ઉપાયો, આહારમાં પૌષ્ટિક ખોરાક લેવાના ફાયદાઓ સમજાવવામાં આવેલ. આ કાર્યક્રમના અંતે બાળકોને નાસ્તો આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આર.બી.એસ.કે.મેડીકલ ઓફીસર ડો.પ્રકાશ ચૌહાણ અને ડો. સ્વીટી ભુવા, આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાના સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, ડી.જી.રાજયગુરૂ, બીલકીસબેન ભટ્ટી, પ્રાથમિક શાળા વડેરાના આચાર્ય નીતિનભાઈ જાની અને પ્રાથમિક શાળા વડેરાના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવેલ.


































# બાળકો માટે આપણે શું ને કેવું લખીશું

## પગદંડી/લેખન



**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

જિંદગીના આઠ–નવ દાયકા જેમણે બાળકો માટે બાળકોમાં માનસિક શારીરિક વિકાસ માટે તનતોડ મહેનત કરી અને બાળ સાહિત્યની ધુણી ધખાવી બેઠા છે. એવા યશવંતભાઈ મહેતા (યશદાદા), બાબા સાહિત્ય માટે એમણે ખુબ લખ્યુ, વાંચ્યુ સંપાદન કર્યુ. સમર્થ સાહિત્યકારોની અવગણના પણ સહી છતાં આજે બાળસાહિત્યનો ઝંડો લઈ ''બાળ સાહિત્ય'' બોલી પોતાની નિષ્ઠા દર્શાવી રહ્યાં છે. ૩૧ વર્ષથી બાળ સાહિત્ય અકાદમી, અમદાવાદમાં ચાલી રહી છે. જેમાં સાહિત્ય અકાદમીનું પર્વ ૨૫ મું અધિવેશન આગામી ૨૧ ફેબ્રુઆરીએ અમદાવાદમાં મળી રહ્યું છે.

બાળસાહિત્ય અકાદમી, બાળ સાહિત્યકારો માટે દિવાદાંડી સમાન છે. અને એ દીવાદાંડીના દીવાને એટલે કે ભૂતકાળ અને વર્તમાનમાં લખાતા બાળ સાહિત્ય અને બાળસાહિત્યકારો માટે સતત જાગૃત રહી માર્ગદર્શન આપી રહ્યા છે આટલી પ્રાસ્તાવિક વાત પછી મારે જે વાત કરવી છે તે આ છે :–

મેં પણ બાલ્યકાળથી પુરોગામી અને પ્રવર્તમાન બાળ સાહિત્યકારોનો ઝંડો લઈ મારા જેવું લખી શકયો છું અને લખી રહ્યો છું. જો કે સર્વગુણ સંપન્ન હોળીનો દીવો મારો નથી. ભૂતકાળમાં યશદાદાના ઘણાં ટપલાં ખાધા છે. ટીપાઈ ટીપાઈને આજે આવું લખવા પ્રેરાયો છું. આભાર યશદાદા.

હમણા અમરેલીના ઉત્તમગજાનાં સાહિત્યકાર, નાટયકાર, બાળસાહિત્યકાર એવા વાસુદેવ સોઢાએ એમના સ્વ. ધર્મપત્નીની સ્મૃતિમાં સુમન સ્મરણ બાળવાર્તા અને બાળ કાવ્યોની સ્પર્ધા ૨૦૨૫ યોજેલી. એ બાળવાર્તાઓ અને કાવ્યોનું મંથન કરવાનું અને સૌભાગ્ય પ્રાપ્ત થયેલું. લગભગ ૦૦ વાર્તાઓ ૬૭ બાળ કાવ્યો મળેલાં. આપણા રામને ખોરાક મળી ગયો.

એ વાર્તાઓ અને કાવ્યો પહેલા પસાર થયો. કાચુપાકું વાંચન થયું. પછી કાયદેસર સરસ પસાર થયો ત્યારે એ બાળવાર્તાઓ અને બાળકાવ્યો વિશે અને બાળ સાહિત્યકારો વિશે થોડુ દુઃખ જોયું. પહેલા પ્રશ્ન એ ઉદ્ભવ્યો કે શું આને બાળસાહિત્યકાર કહેવાય ? આવુ વાંચી સીખી બાળકો શું પામશે ? તેમ છતાં મારે મારી ફરજ બજાવવાની હતી. પ્રથમ તો મારી આગવી સુજ–સમજ મુજબ ગ્રેડ અપાયા પરિણામે વાર્તા અને કાવ્યોનો મોટો જથ્થો અળગો થઈ ગયો. પછી મન પરોવ્યું. પરિણામ જે નકકી થયું તે પણ મારે જે તારણો તારવ્યા છે તેની વાત કરવી છે ફરી કહુ કે કોઈ સમર્થ બાળસાહિત્યકાર નથી. પણ એક વાકય મને ગમે છે. ભલે હું સેકસપીયર જેવું ન લખી શકું પણ મારા જેવું તો લખી શકું ને ? બસ આ ન્યાયે વાત કરવી છે.

પ્રથમ વાત કરીએ બાળ વાર્તાની (૧) મોટાભાગની વાર્તાઓ બાળકો માટે નહિ. પણ કોના માટે લખાયેલી હતી તે કહેવું મુશ્કેલ છે. (૨) બાળકો માટે નહિ પણ મોટેરાઓ માટે લખાયેલા હોય એવું લાગતુ હતું. (૩) ભારેખમ શબ્દો મોટા પેરેગ્રાફ ડાહી ડાહી વાહો જાણે લેખક જ એમાં ડોકાતા હતા. (૪) જંગલ, બાળક, પશુ, પંખી તો શરૂઆતમાં માંડણી માટે જ દેખાતા હતા. (૫) બે–ત્રણ વાર્તાઓ સિવાય એકપણ બાળવાર્તાઓ જોડકણું, રૂઢિ પ્રયોગ, કહે વાતાઓનાં દર્શન જ થયા નહિ. (૬) બાળવાર્તા છે કે પ્રસંગ છે એ નકકી કરવું મુશ્કેલ હતું. (૭) બહુ ઓછી બાળાવાર્તાઓમાં સંવાદ હતા. બાકી તો લાંબા લાંબા પેરેગ્રાફસ (૮) સજીવારોપણની વાત જ દુર રહી. માત્રને માત્ર બાળવાર્તાકાર જ વાર્તા કહેતા હતા. (૯) હા વિષયો પર્યાવરણ, વૃક્ષો, શિક્ષણ, કેળવણીના જરૂર હતાં. પણ કહેતા હતા બાળ વાર્તાકાર (૧૦) વાર્તા વાંચતા બાળકોને વિસ્મય થાય. ગુસ્સો આવે આનંદ થાય બીક લાગે ગાવાનું મન થાય જાણ્યે અજાણ્યે કોઈક પ્રાપ્ત થઈ જાય એવું ભાગ્યે જ જોવા મળ્યું.

આવુ જ મોટેભાગે બાળ કાવ્ય સ્પર્ધામાં હતું. (૧) A4 સાઈઝના કાગળો ભરી ભરી બાળકાવ્યો લખેલા. (૨) બાળકને ગમતં ગીત કાવ્ય પાંચ–છ કાવ્યો સિવાય કયાંય જોવા ન મળ્યું. (૩) વાંચતા આપણને ગણગણવાનું મન થાય એવું પણ નહોતું. (૪) તાલ, લય, ગયતા વગેરે તો સો ગાવ દુર હતા. (૫) બાળકની મનોભૂમિ પર ન રોકાયેલા એવા શબ્દપ્રયોગો (૬) મારી મચડીને અત્યાનુપ્રાસ મેળવવાનાં પ્રયત્નો હતાં.

જો કે સાવ નિરાશ થવા જેવું પણ નહોતું. જાણીતા પ્રખ્યાત તથા જેમણે બાળસાહિત્યને આત્મસાત કર્યુ છે એવા બાળસાહિત્યકારોની વાર્તા અને કાવ્યો આવેલ એટલે થોડી ધુરપત હતી.

બાળસાહિત્યકારોને સલાહ દેવાને માટે મારી કઈ લાયકાત નથી. એવી કોઈ નિપુણતા પણ નથી. છતાં એટલુ કહેવાનું મન થાય કે સાહિત્ય લખવું સહેલું છે પણ બાળ સાહિત્ય લખવું ખુબ કપરૂ છે. એમ કહેવાનું મન થાય જેમણે પ્રસવપીડા ભોગવી હોય એ જ બાળસાહિત્ય લખી શકે. બાળક બની લખવું પડે બાળક જેવુ બોલતા વાલી વર્તન કરતા આવડવું જોઈએ. એની ભાષા શીખવી પડે. કીટ્ટા, બુચ્ચા કરતાં આવડવું જોઈએ. ગુસ્સે થઈ પણ પાછા પ્રેમાળ હાથ પ્રસવારતાં પણ શીખવું પડે. સૌથી અગત્યનો મુદ્દો તો એ છે આપણાં પોતાના બાળકોને વાર્તા સંભળાવતાં શીખવું જોઈએ. અને વિશેષમાં બાળસાહિત્ય વિપુલ પ્રમાણમાં વાચવું જોઈએ.

તો આપણે શું કે કેવું લખીશું ? એ માટે યશદાદા લખે છે. ''પહેલા તો સંવેદનશીલ નાગરિકના ઘડતરનું સાહિત્ય લખીશું. સર્વ માનવીય એકતાને સાધક એવુ લખીશું. સર્વધર્મ સમભાવ અને સર્વધર્મ નિરપેક્ષતા પોષણ એવું લખીશું. લખાણમાંથી બાળકને જીવન જીવવાના ઉકેલો શોધવાની વૃતિ કેળવાય એવું લખીશું. સત્ય, અસત્ય લખીશું. વિશેષ તો, સારૂ–નરસુ, શ્રધ્ધા–અંધશ્રધ્ધાની વિવેક બુધ્ધિ બાળપણથી જ કેળવાય એવું લખીશું. વિશેષ તો વિજ્ઞાનના સિંધ્ધાત તથા વિજ્ઞાનની પધ્ધતિ પ્રયોજવાની પ્રેરણા આપતું નીરક્ષિર વૃતિ આપતું સાહિત્ય આપણે રચીએ.''

અંતમાં એટલું જ કે, બાળસાહિત્ય આનંદદાયી હોવું જોઈએ. રમણલાલ સોની કહેતા બાળ સાહિત્ય દ્વારા આપણે કશો ઉદ્દેશ સાધી ન શકીએ તો કંઈ નહિ પણ બાળકને આનંદ તો મળવો જ જોઈએ. બાળસાહિત્યની ભાષા ઝાઝર જેમ રૂમઝુમ કરી આવવી જોઈએ. શૈલી કથન શૈલી હોવી જોઈએ. ઘરમાં દાદા–દાદી પોતરાંને વાતો કહેતાં હોય કે ગીતો સંભળાવતાં હોય એવી રીતે બાળસાહિત્યનું નિરૂપણ થવું જોઈએ.

ઉપર લખેલાઓ ન લખેલા બાળસાહિત્યકારોની પગદંડીએ આપણે ચાલવા જેવું ખરૂ હો !



# બાલ એક્સપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**


## ભવ્ય સાદાઈ

**– કલેર શેરીડન (અનુ. ચંદ્રશંકર પ્રા. શુકલ)**

**ગાંધી–ગંગા** (બે ભાગમાંથી પસંદ કહેલું આચમન) સંપાદક : મહેન્દ્ર મેઘાણી

આ નાનકડા પણ મહાન એવા મહાત્માનું બહુ નજીકથી નિરીક્ષણ કરવાનું સદભાગ્ય મને મળ્યું હતું. મારાં બહેનપણી સરોજિની નાયડુની મારફતે હું તેમનું પૂતળું બનાવવાની પરવાનગી મેળવી શકી હતી.એ કામ સહેલું નહોતું. તેઓ પૂતળું કરાવવાને જ ખાસ બેસે એમ તો હતું નહીં. એનું કારણ કાં તો નમ્રતા, કાં તો કામનો અતિશય બોજો, અથવા તો કલાને વિશે રસનો અભાવ હશે ! એ પરથી મને લોકનાયક લેનિન યાદ આવ્યા. ૧૯૨૦માં મોસ્કોમાં ક્રેમલીનમાં તેમના કાર્યાલયમાં મને પ્રવેશ અપાયો ત્યારે તેમણે એવી જ શરતો કરી હતી. આ બે લોકનેતાઓ વચ્ચે અજાયબી પમાડે એવું સામ્ય છે.બેની વચ્ચે હિંસા–અહિંસા પરત્વે મતભેદ છે ખરો, છતાં બંને ભારે ધગશવાળા આદર્શવાદીઓ છે.હું મહાત્માજી સમક્ષ પહેલી વાર ગઈ ત્યારે તેમણે મને કહ્યું (જેમ લેનિને પણ કહેલું) : ખાસ તમને પૂતળું કરવા દેવા માટે હું તમારી સામે બેસી નહીં શકું. હું મારૂ કામ કર્યે જઈશ. એવી સ્થિતિમાં તમારાથી જે કંઈ કરી શકાય તે કરજો.''ગાંધીજીએ ભોંય પર બેઠાં બેઠાં રેંટિયો ચલાવવા માંડયો. લેનિને એમની ઓફિસની ખુરસીમાં બેઠાં બેઠાં વાંચવાનું ચાલુ રાખ્યું હતું.બન્ને પ્રસંગમાં છેવટે અમારી બન્નેની વચ્ચે પરસ્પર મિત્રતા બંધાઈ હતી. એક દિવસ ગાંધીજીએ, લેનિનના જેવા શબ્દોમાં ને તેમના જેવા જ કટાક્ષવાળા, સ્મિત સાથે કહ્યું : ત્યારે તમે વિન્સ્ટન ચર્ચિલનાં મસિયાઈ બહેન છો, એમ? એ જ જૂની ગમત : વિન્સ્ટનની એક સગી તેમના કટ્ટામાં કટ્ટા શત્રુની સાથે મિત્રતા બાંધે ! ગાંધીજીએ આગળ ચલાવ્યું :તમે જાણો છો કે તમારા ભાઈ મને મળવાની ના પાડે છે ? પણ તમને મળતાં મને કેટલો આનંદ થયો છે એ તમે એમને કહેશો કે નહીં ? લેનિને પણ લગભગ એ જ રીતે કહેલું : તમે તમારા ભાઈને કહેજો વગેરે.આ બન્ને પુરૂષોએ જગતને અમર સંદેશો આપેલો છે. એ સંદેશો એવો છે જે દીનદુખી ને દલિતોને આશા ને ઉત્સાહ આપે છે. એ સંદેશાએ રાંક માણસોને તેમનાં માથાં ઊંચકતાં ને જગતમાં પોતાનું સ્થાન શું છે તે સમજતાં શીખવ્યું છે.જેમણે લેનિનની લડતમાં પ્રાણ ગુમાવ્યા છે તેઓ વીર લાગે; પણ જેમણે ગાંધીજીને નામે પ્રાણ પાથર્યા છે તેઓ તો વીર અને શહીદ બન્ને લાગે છે.અમેરિકાના શિલ્પકાર જો ડેવિડસને પણ ગાંધીજીના માથાની પ્રતિમા ઘડી હતી. તેમની સાથે વાત કરવાનો પ્રસંગ મને મળ્યો હતો. જો ડવિડસને આપણા જમાનાના ઘણાખરા અગ્રેસર પુરૂષોનાં પૂતળાં ઘડયાં છે. અમે એક વાતમાં સંમતથયા કે એ લોકોને મળતાં અમને નિરાશા ઊપજી હતી. એ બધાની સાથે પહેરેગીરોની હારો ન હોય. ને તેમણે ઝૂંટવી પાડેલા મહેલોમાં તેમને બેસાડેલા ન હોય, તો એમાંના એક પણ માણસની છાપ આપણા મન પર ન પડે. પણ ગાંધીજી એ સહુથી નોખા તરી આવે છે. નાનકડા, ઉઘાડા પગવાળાને ખાદીથી ઢંકાયેલા શરીરવાળા આ પુરૂષની ભવ્ય સાદાઈ મન પર ઊંડી છાપ પાડે છે.

## ભગવાનનો દુત



સદ્ગુણોને સાથી માનતો એક નેકદિલ છોકરો દિલ્હીમાં રહે. નામ એનું નરેશ. સોળ વર્ષ એની ઉંમર એલ. એન. ગિરધરલાલ વિદ્યાલયમાં દસમા ધોરણમાં ભણે. એના વિચારો ઊંચા એનો આદર્શ ઊંચો.એક દિવસની વાત છે.નિશાળ છૂટી. નરેશ પોતાના ઘર ભણી જઈ રહ્યો હતો.દિલ્હીનો ચાંદની ચોક, જાણીતો લત્તો.એ ચાંદની ચોકના રસ્તે જતાં નરેશની નજરે એક પાકીટ પડ્યું. ખાસ્સું મોટું. કોઈનું પડી ગયું લાગતું હતું. એટલામાં કોઈ નહોતું. માલિકને આપી દેવાના ઉત્તમ વિચારથી એ પાકીટ એણે ઉપાડી લીધું.ઘરે જઈને પાકીટ જડયાની વાત કરી. ઘરના માણસો પણ સંસ્કારી હતાં, કોઈનોય જીવ બગડયો નહીં.નરેશ વહેલામાં વહેલી તકે. આ પાકીટ એના માલિકને પહોંચાડવા માગતા હતો. એવા ઈરાદાથી સરનામું મેળવવા એણે પાકીટ ખોલ્યું. તેમાં નોટો હતી. પરંતુ તેણે નોટો ગણી નહીં. આખરે તેની મહેનત ફળી. પાકીટવાળાનું પાકું સરનામું એને મળી ગયું. પાકીટના માલિકનું નામ હતું. ''લલીતપ્રસાદ'' નરેશ માટે આટલું પૂરતું હતું. માતા–પિતાની રજા લઈ તે લલીતપ્રસાદને પાકીટ આપવા ઘરેથી નીકળી ગયો.લલીતપ્રસાદે આંગણે આવેલા નરેશને આવકાર આપ્યો. એને આસન આપ્યું. પીવા પાણીનો પ્યાલો આપ્યો. ત્યારબાદ નામ અને આવવાનું પ્રયોજન પૂછ્યું. જવાબમાં નરેશે લલિતપ્રસાદના હાથમાં જડેલું પાકીટ મૂકી દીધું. લલિતપ્રસાદ પાકીટ મળ્યાથી રાજી થયા.પાકીટ ખોવાયાથી તેઓ અફસોસ કરતા બેઠા હતા.પાકીટમાં રકમ પણ ખાસ્સી હતી. રૂપિયા બે હજાર ચારસો પૂરા હતા.તેમને નરેશ ભગવાનના દૂત સમાન લાગ્યો.લલીતપ્રસાદ મધ્યમવર્ગના માનવી હતા. એમની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. આમ છતાં એમણે નરેશને ઈનામ આપવા માંડ્યુ. તેની પ્રામાણિકતા બદલ. એમના હાથમાં સોની બે નોટો હતી.નરેશે બે હાથ જોડી કહ્યું, ''મોટાભાઈ, કોઈ પુરસ્કાર હું લઈશ નહીં. મેં મારી ફરજ બજાવી છે. આપના શુભ આશીર્વાદ ખપે. બીજું કંઈ નહીં !''આટલું બોલી નરેશ તો ચાલતો જ થઈ ગયો. પ્રસન્નવદને; રાજી રાજી થઈને.લલીતપ્રસાદ એને જતો જોઈ રહ્યા. એના અંગે અંગમાંથી માનવતા ટપકતી હતી !

## રાષ્ટ્રપતિના હાથે બહાદુર બાળકોનું સન્માન


બહાદુર, હિંમતવાન અને રિસર્ચ કરનાર બાળકોનું સમ્માન કરાયું

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૧૮ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અસાધારણ રીતે સિદ્ધિ હાંસલ કરનારા બાળ કોને વર્ષ ૨૦૨૫ના 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' એનાયત કર્યા.




**અર્ણવ અનુપ્રિયા મહર્ષિ (૧૭) છત્રપતિ સંભાજીનગર, મહારાષ્ટ્ર ( વિજ્ઞાન–ટેકનોલાજી )**

૨૦૨૨માં માર્ગ અકસ્માતમાં જમણા હાથને લકવો થયા પછી તેણે વિપરીત –પરિસ્થિતિને સિદ્ધિમાં ફેરવી દીધી, તેણે 'ફેયર ચાન્સ' વિકસાવ્યું જે એઆઈ આધારિત હાથના લકવાને ઠીક કરવાનું ડિવાઈસ છે. તેને આઈઆઈટી બોમ્બે ટેકફેસ્ટ ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય ઈનોવેશન એવોર્ડ મળ્યો.



**મોહમ્મદ સિદાન પી. (૧૧) પલક્કડ, કેરળ (બહાદુરી માટે)**

તેના બે મિત્રોને વીજળીના કરંટથી બચાવ્યા. જયારે એક મિત્ર વીજળીને થાંભલાને સ્પર્શી ગયો અને બીજા મિત્રને મદદ કરવાનો પ્રયાસ કરતી વખતે કરંટ લાગ્યો. ત્યારે સિદાને લાકડીનો ઉપયોગ કરી તેમને વીજળીના કરંટથી દૂર ખેંચી લીધા અને બંનેના જીવ બચાવ્યા.




**કમલેશ કુમાર (૧૧) ભભુઆ (કૈમુર જિલ્લો),બિહાર (વીરતા (મરણોત્તર)**

જયપુર ગામમાં દુર્ગાવતી નદીમાં ડૂબતા બાળકોને બચાવવાનો પ્રયાસ કરતી વખતે તે પોતે પણ તણાઈ ગયો. નદીમાં નહાતા ત્રણ બાળકોમાં તે પણ સામેલ હતો. તેનો મૃતદેહ ૪૮ કલાક પછી ૧૫ કિમી દૂર મળી આવ્યો. તેનું કાર્ય નિઃસ્વાર્થ હિંમત અને બલિદાનનું એક કરૂણ ઉદાહરણ છે.

## માર્ગ વાહન વ્યવહારના નિયમો

**નવી પેઢી – નવો સંકલ્પ**
**સલામત માર્ગ**




તમે કહેશો કે બીજાઓ સમજયા વગર તમારૂ અપમાન કરે છે, કોઈપણ જાતના કારણ વગર તમારી લાગણીઓ દુભવે છે. આ સાચુ હોય તોય તમે ગુસ્સે થશો નહીં. બીજાને ધારવું હોય તે ભલે ધારે તેમને જે ગમે તે ભલે બોલે. આ દુનિયા અજ્ઞાની લોકોથી સભર છે. તમે શાણા થજો, તમે બધા પ્રત્યે નમ્રતા રાખજો પ્રત્યેક પરિસ્થિતિમાં નહીં. પરિસ્થિતિનો શાંતિથી સામનો કરજો. આથી તમને માલૂમ પડશે કે કપરા સંજોગો પર વિજય પ્રાપ્ત કરવાનું પ્રશાંતિ જેટલું શકિતશાળી બીજું કોઈ સાધન નથી. અપમાનો ધ્યાનમાં લેશો વિનમ્ર રહેજો. જયારે તમે લઘુતાગ્રંથિ તથા ગુરૂતાગ્રંથિના ખ્યાલને તિલાંજલિ આપશો અને પ્રત્યેક વ્યકિતમાં તેમજ પ્રત્યેક વસ્તુમાં તમે ઈશ્વરનાં દર્શન કરવાનું શીખશો ત્યારે જ આ શકય બનશે.

## તમામ પરિસ્થિતિમાં શાંત રહેજો

**માનસિક શાંતિનાં સચોટ ઉપાયો** લેખક શ્રી સેના આનંદનારાયણમ્

ઈશ્વર પ્રત્યેક પ્રસંગ, ઘટના કેબનાવનો સમગ્રદષ્ટિએવિચાર કરે છે, જયારે મનુષ્ય તેનો મર્યાદિત દષ્ટિએ જ વિચાર કરે છે. ઈશ્વર ઘટનાઓનો વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળની સમગ્ર દષ્ટિએ વિચાર કરે છે, જયારે મનુષ્ય ભૂત અને ભવિષ્યને ધ્યાનમાં ન લેતાં વર્તમાનકાળની દષ્ટિએ જ ઘટનાઓને ઘટાવે છે. તેથી જ, જયાં મનુષ્યને વિસંવાદિતા દેખાય છે, ત્યાં ઈશ્વરને સંવાદિતા દેખાય છે જયાં મનુષ્યને તર્કનો અભાવ જણાય છે, ત્યાં ઈશ્વરને સંપૂર્ણ તર્કશુધ્ધતા જણાય છે. જરા તમારી જાતને, ઈશ્વરને સ્થાને મૂકી જુઓ. માનો કે તમે પોતે જ ઈશ્વર છો અને આખુયે વિશ્વ તમારૂ જ સર્જન છે, અને તમારી ઈચ્છા મુજબ તેનું સંચાલન થાય છે. આમ વિચારતાની સાથે જ તમને પ્રગાઢ શાંતિનો અનુભવ થશે અને તમારામાં શકિતનો મહાસાગર ઊછળ તો તમે અનુભવશો.

## કકકાની કરામત






બાલમિત્રો,

આવતી કાલ રવિવારે કયો દિવસ છે ? મહા શિવરાત્રી, શિવજીની રાત્રિ છે. શિવજીને મહાકાળ કહે છે. આમ તો શિવજી સંહાર, વિનાશનાં દેવ છે. બ્રહ્મા જગતની ઉત્પત્તી કરે, વિષ્ણુ ભરણ–પોષણ કરે ને શિવજી સંહાર કરે, જા કે, શિવ એટલે, કલ્યાણ થાય. બ્રહ્માંડમાં ભોળા, કલ્યાણકારી, વહેલા પ્રસન્ન થાય એવા દેવ શિવજી છે. આ મહા શિવરાત્રીએ લોકો ઉપવાસ કરે છે. શિવજીની આરાધના, પુજા, અર્ચન કરે છે. સાધન સંપન્ન લોકો, ઋષિ, મુનીઓ સોડષોપચાર પુજા કરે છે. સોળ દ્રવ્યોથી શિવજીને રીજવવા પુજા થાય છે. આ દિવસનું ખાસ મહત્વ હોય છે. મહાશિવરાત્રી સાથે ઘણી વાર્તાઓ જોડાયેલી છે. આ જગતને બચાવવા શિવજીએ હળાહળ વિષપાન કરેલું. પેટમાં ન ઉતારતાં કેડમાં રાખેલ છે. એટલે શિવજીનો કંઠ, ગણું કાળુ છે.



શિવજીના વસ્ત્રો, આભુષણો, વાહન, સાથીઓ વિચિત્ર છે. તમે જાણો જ છો. તેમના બે સંતાનો – કાર્તિકય અને ગણેશજી, ગણેશજીની વાર્તા પણ તમે જાણો છો. આ દિવસે શિવજીને ભાંગનો પ્રસાદ ધરવામાં આવે છે. ભાંગ એક વિશિષ્ટ પીણું છે. ભાંગ પીવાથી કેફ ચડે છે.

બાળમિત્રો, તમે પણ આવતી કાલે ભગવાન શિવજીની પુજા, અર્ચના કરશોને ? કંઈ ન થાય તો માત્ર મંદિરમાં જઈ એક લોટો જળ ચડાવજો. આનંદ આવશે...

## સામસામી ખેંચાણી

**બાલ કથાઓ**
**ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)**



એક હતો વાણિયો. વીરચંદ એનું નામ. ગામડામાં રહે. હાટડી માંડે અને રળી ખાય. ગામમાં કાઠી અને કોળીઓને વઢવાડ, બાપદાદાનું વેર.એક દિવસ કાઠી કથળ્યા અને કોળી ઊમટ્યા, સામસામી તલવારો ખેંચી બજાર વચ્ચે ઊતરી પડ્યા.કાઠીએ જમૈયો કાઢ્યો ને કોળી ઉપર ઘા કર્યો. કોળી ખસી ગયો ને કાઠી ઉપર કૂદ્યો. એક ઘાએ કાઠીનું ડોકું હેઠું પડ્યું ને તલવાર લોહીલુહાણ ! વાણિયો તો મારામારી જોઈ હબકી ગયો. હાટડી બંધ કરીને પેઠો અંદરથી બધું જોતો હતો ને ધ્રૂજતો હતો.'ખૂન થયું. કાઠીનું ખૂન થયું, દોડો રે દોડો !' એવી બૂમ પડી.

આમથી તેમથી સિપાઈસપરા દોડી આવ્યા. ગામધણીને મુખી પણ આવ્યા. બધા કહે : 'આ રઘા કોળીનો ઘા. બીજા કોઈની હામ નહિ !' પણ કોર્સ્ટે ચડવું એટલે શાહેદી વિના કેમ ચાલે ? કોઈ કહે : 'આ વિરચંદ શેઠ હટડીમાં હતા. એ આપણા સાક્ષી. ભાળ્યું ન ભાળ્યું એ જાણે. હાટડીમાં તો હતા ને ?' વાણીયાને તો પકડી મંગાવ્યો ને કર્યો હાજર ફોજદાર પાસે. ફોજદારે પૂછયું : 'બોલ વાણિયા ! શું જાણે છે ?' વાણીયો કહે : બાપુજી ! મને કશી વાતની ખબર નથી. હૅ તો હાટડીમાં બેસી નામું લખોત હતો.'

ફોજદાર કહે : 'બસ તારે જુબાની આપવી જ પડશે. કહેવું પડશે કે મેં નજરોનજર ભાળ્યું છે.' વાણિયો મૂંઝાયો. ડોકું હલાવી ઘેર ગયો.રાત પડી પણ ઊંઘ આવે નહિ. વાણિયે વિચાર કર્યો : 'આમ તો કહીશ તો કોળી સાથે વેર થશે, આમ કહીશ તો કાઠી વાંસ પડશે. કાંઈક વાણિયાગત કરૂં.' વાણિયાના મનમાં વિચાર સૂઝયો ને ઊઠયો, ઢીલી પોતડી, માથે ફાળિયું ને ખભે ખેસિયું નાખી વીરચંદ ચાલ્યો. જઈને કાઠીનું બારણું ખખડાવ્યું. કાઠી કહે : 'કેમ શેઠ ! અત્યારે મોડી રાતે કેમ !' વાણિયો કહે : 'ઘરડેરા ! ગામના કોળી બહુ ફાટયા છે. કે' જે આજે એક ખૂન કર્યુ ! કાલે કોણ જાણે શું યે કરશે ? કાલે એની વાત છે !'

ઘરડેરો તો રાજી થયોને વાણિયાને સો રૂપિયા ગણી આપ્યા. વાણીયો કેડે રૂપિયા બાંધી કોળીને ઘેર ગયો. કોળી કહે : 'શેઠ ! અત્યારે કયાંથી ? શું કામ પડયું છે ?'વાણિયો કહે : 'બીજું તો શું ? આ ગામના ઠાકરડા ફાટયા છે. એકને ટાળ્યો એ જ ઠીક કર્યુ. રંગ છે કોળીની માને !' કોળી પણ રાજી થયો. વાણિયાને એણે બે કળશી બાજરો ભરી દીધો.વાણીતો ઘેર જઈ નિરાંતે સૂતો. મનમાં કહે : 'કોળી ને કાઠી બંનેને લૂંટયા. હવે કાલે કોરટને ઠગવી છે.' બીજે દિવસે કેસ ચાલ્યો. ન્યાયાધીશ કહે : 'વાણિયા ! બોલ, ખોટું બોલે એને પ્રભુ પૂછે.'વાણિયો કહે : 'ખોટું બોલે એને પ્રભુ પૂછે.'

ન્યાયાધીશ કહે : 'બોલ જોઈએ, ખૂન કેમ થયું ને કોણે કર્યુ ?'વાણિયો કહે : 'શા'બ અહીંથી કાઠી કબકબ્યા ને ત્યાંથી કોળી હમહમ્યા.'

'પછી ?'

'પછી ઈનું ઈ.'

'પણ ઈનું ઈ શું ?'

'શા'બ ! અહીંથી કાઠી કબકબ્યાને ત્યાંથી કોળી હમહમ્યા.'

'પણ પછી ?'

'પછી ? પછી તો સામસામી ખેંચાણી ને મારી આંખ મીંચાણી.'

એમ કહીને વાણિયો તો ભસ દઈને કોરટ વચ્ચે જ પડ્યો ને બોલ્યો : 'અરે શા'બ, વાણિયાએ કાંઈ લોહીનો ત્રસકોયે ભાળ્યો છે ? ઈ સામસામી ખેંચાણી અને મને તમ્મર આવી ગઈ. તમ્મર તે એવી આવી કોઈ સિપાઈસપરા ભેળા થયા ત્યારે જ સાધ આવી.'

ન્યાયાધીશ કહે : 'હવે ફરી વાર તારી જુબાની બોલી જા જોઈએ ?'

વાણિયો કહે :

અહીંથી કાઠી કબકબ્યા
ને ત્યાંથી કોળી હમહમ્યા,
સામસામી ખેંચાણી ને
મારી આંખ મીંચાણી.

ન્યાયાધીશે આખરે વાણિયાને રજા આપીને કાઠીને કોણે માર્યો તે સમજાયું નહિ. કેસ આખો ઊડી ગયો.

## જેવાની સાથે તેવા

એક શેઠનો કેસર–કસ્તૂરીનો વેપાર હતો. મુનીમની સલાહ લીધી. મુનીમ કહે, સુમાત્રામાં કેસર–કસ્તૂરીનો સારો ભાવ મળે. શેઠ, વહાણ માલ ભરી ત્યાં ગયા. સંધ્યા સમય થઈ ગયો હતો. તેથી શેઠે માલ સવારે ઉતારવાનું વિચાર્યુ.

હવે, શેઠના ભાવિકો કાંઠે ગયા. ચાર–પાંચ ઠગ સાધુ વેશે ત્યાં શિકાર શોધવા ધૂણી ધખાવી બેઠા હતા. વાત વાતમાં બધી માહિતી મેળવી લીધી.

રાત્રે જયારે શેઠ એકલા ફરવા નીકળ્યા ત્યારે આ ઠગ સાધુઓએ ભવિષ્યવાણીના બહાને શેઠને ભોળવી લીધા અને કેસર–કસ્તૂરીના બદલામાં 'શેઠ જે માગે તે આપવા'નું લખાણ કરી આપવા બાંધી લીધા. શેઠ માલ ઉતારી પાછા ગયા.

મુનીમને લખાણ બતાવ્યું.. મુનીમ સમજી ગયા...શેઠ તમને ઠગો છેતરી ગયા.

શેઠે હવે સોદો ફોક થાય અને માલ પાછો મળે તેવી યુકિત શોધવા મુનીમને વિનંતી કરી....

મુનીમે માલ સાથે ઠગોને પોલીસ ચોકીએ હાજર રાખ્યા અને શેઠને વસ્તુ માગવા કહ્યું.

શેઠ કહે, 'મારા પુત્રની દવા માટે એક કોથળો ભરી મચ્છરનાં હાડકાં આપો' ને ઠગ લોકો હારી ગયા...લખાણ રદ થયું – માલ પાછો મળ્યો. જેવાની સાથે તેવા જ થવું પડે.

# જંગલમાં ટાબરિયાઓનો જંગ


**રાત પછીની રાત**

જંગલનું અંધારૂં કેવું? લીલું લીલું કાળ ડીબાંગ; અંધારામાં તમરાં બોલે, કરતાં કાળી ધોળી વાત.

જંગલનું અંધારૂં કેવું? લાલ લીલી ચમકે આંખ;અંધારામાં આગિયા ઊડે, પીળો ભૂરો ઊડે ઉજાસ.અંધારૂં ઊતરવા માંડ્યું ને દિશા ડરથી ફફડવા લાગી.ધરા વારંવાર બોલતી હતી : "એમાં શું ડરવાનું ? આખી દુનિયામાં સૂર્ય આથમે એટલે અંધારૂં થાય જ. એ કંઈ જનાવર થોડું જ છે ? તને ખબર છે ? આપણે ત્યાં વીજળી ખોરવાય ત્યારે અંધારૂં ધબ થઈ જ જાય છે ને ?""હા, પણ વડોદરા મોટું શહેર છે. ઘરમાં મમ્મી, પપ્પા ને કોઈ ને કોઈ હોય છે.""હા, અંધારામાં ભૂત ડાકણ પિશાચ જીન નીકળે છે. મને તેની બહુ બીક લાગે છે." વિશુએ પણ દિશાને ટેકો આપ્યો.ધરા ખડખડાટ હસવા લાગી, "ઓહોહોહો ! તો મારા ભઈલાએ ઘણાં ભૂત પિશાચોની ઓળખાણ કરી લાગે છે ! અચ્છા ! અંધારામાં તો આપણે કંઈ જોઈ શકતા નથી. તો તમે ભૂત ડાકણને કેવી રીતે જોયાં? શું ખરેખર તેં ભૂત જિનને જોયા છે ? બરાબર યાદ કર અને કહે જોઉં. આ બારીની બહાર નજર કર અને ભૂત પ્રેત જેવું કંઈ દેખાતું હોય તો કહે.""ના રે, અત્યારે તમારા પપ્પા બહાર છે ને એટલે કોની મજાલ છે કે આપણને આંગળી પણ અડાડે ?" વિ જોસમાં આવી ગયો."ગપ્પાં ન માર. સાચી વાત એ છે કે ભૂત ડાકણ જેવું કંઈ હોતું જ નથી. જે દેખાય છે એ આપણો ભ્રમ હોય છે. ભાસ આભાસ હોય છે. નબળા મનની કરામાત હોય છે. એટલે ભય છોડી દે. હું તો તને મહાત્મા ગાંધીના રંભાબાની જેમ રામનામ લેવાનું પણ કહેવાની નથી. હોય નહીં જેને ખુદનો ભરોસો, ખુદાનો ભરોસો નકામ !" ધરાનો ચહેરો ટોર્ચનાં અજવાળામાં ઝળહળી રહ્યો હતો. વિનો આત્મવિસ પણ ઝળહળી ઊઠ્યો."સોરી દીદી ! હું અંધારાથી કેમ ડરતો હતો એ મનેય સમજાતું નથી. ને આ ભૂતકથાઓ વાંચી વાંચીને ને કાર્ટુનો જોઈ જોઈને મારાં મનમાં ભરાઈ બેઠેલાં બધ્ધાં ભૂતડાં આજે તો ભાગી ગયાં હોં !"દિશાએ બારી બહાર જોયું ને કહ્યું, "જુઓને ! આ એક સૂરજદાદા જાય છે ને કેટલાં બધાં ચમકતાં તારલાં દેખાવા માંડે છે. ને અસંખ્ય આગિયાઓ ઊડી ઊડીને ઉજાસ ઉડાડી રહ્યા છે. પછી જયારે ચાંદામામા આવશે ને ત્યારે જંગલ પણ ધોળું ધોળું થઈ જશે." આ બધી વાતો સાંભળતા સાંભળતા નિર્દોષ હીરો તો ક્યારનોય બેફિકરાઈથી ઊંઘી ગયો હતો."તો ચાલો, પ્રભુને પ્રાર્થના કરી નીંદર દેવીનાં ખોળામાં સુઈ જઈએ." ધરા બોલી. ને બાળ કોએ હાથ જોડ્યાં: ત્વમેવ માતા શ્ચ પિતા ત્વમેવ... **(ક્રમશ)**

# આંખમાંથી આંસુ કેમ આવે

કોઈ વ્યકિત જયારે દુઃખી અથવા અત્યંત ખુશ હોય છે, ત્યારે તે રડવા લાગે છે. જેનાથી તેની આંખોમાં આંસુ આવી જાય છે. આંખમાં આંસુ ફકત ખુશી અને દુઃખના કારણે જ આવે છે એવું નથી. આ સિવાય કેટલીકવાર ઈન્ફેક્શનના કારણે પણ આંખોમાંથી પાણી પડવા લાગે છે. તેની પાછળનું કારણ શરીરમાં હોમોન્સમાં ફેરફારો હોવાનું કહેવાય છે. જેમાં એડ્રેનાલિન લેવલમાં ફેરફારનો સમાવેશ થાય છે. આ હોર્મોન્સમાં થતાં ફેરફારોની સીધી અસર આંખો પર પડે છે. જેના કારણે આંખોમાં પાણી આવવા લાગે છે. ત્રીજા પ્રકારનાં આંસુ એટલે કે રડીએ ત્યારે આંસુ આવે છે. વ્યકિત જયારે ભાવુક થાય ત્યારે આંસુ આવે છે. એનું કારણે એ છે કે આપણા મગજમાં લિમ્બિક સિસ્ટમ છે. તેમાં મગજનો હાઈપોથેલેમસ હોય છે. જે નર્વસ સિસ્ટમ સાથે સીધા સંપર્કમાં આવે છે. આ સિસ્ટમના ચેતાપ્રેષકો સંકેતો આપે છે અને આપણે કોઈ પણ ભાવુકતાની ચરમસીમા પર આવીએ ત્યારે રડી પડીએ છીએ.જયારે આંખમાંથી આંસુ આવે છે ત્યારે આપણને ખ્યાલ નથી હોતો કે કઈ આંખમાંથી આંસુ પહેલાં પડે છે ? તો વૈજ્ઞાનિકોનાં તારણોને આધારે એવું જાણવા મળ્યું છે કે, ભાવનાત્મક ઢદન માટે હોર્મોન્સ જવાબદાર છે. મગજનો જે ભાગહસતી વખતે સક્રિય થાય છે તે જભાગ રડતી વખતે પણ સક્રિય થાય છે. સતત હસવા અથવા રડવાના કિસ્સામાં મગજમાં કોષો પર વધુ તાણ આવે છે. આવી સ્થિતિમાં કોર્ટિસોલ અને એડ્રેનોલિન નામના હોર્મોન્સનો શરીરમાં સ્ત્રાવ થાય છે. હસતી વખતે કે રડતી વખતે શરીરમાં થતી પ્રતિકૂળ પ્રતિક્રિયાઓ માટે પણ આ હોર્મોન્સ જવાબદાર હોય છે. તેથી હસતી અને રડતી વખતે જે આંસુ વહે છે તે એકસરખાં હોય છે, પણ રસપ્રદ વાત એ છે કે ખુશીનું પહેલું આંસુ જમણી આંખમાંથી અને દુઃખનું પહેલું આંસુ ડાબી આંખમાંથી વહે છે. જોકે, આમાં અમુક લોકો અપવાદ હોઈ શકે છે.



# હસવાની મનાઈ છે

શિક્ષક (ગુસ્સાપૂર્વક) : "સોની, તને શાળાએ આવતાં દરરોજ મોડું કેમ થાય છે, થોડી ઉતાવળ કરતાં શીખ."સોની : "સર હું ઉતાવળી ઉતાવળી આપણી સ્કૂલ પાસે આવું છું. પણ ત્યાંજ સામે બોર્ડ માર્યુ છે : સ્કૂલ –ગો–સ્લો." (શાળા છે–ધીરે ચાલો)શિક્ષક : "તમારો દેખાવ જોઈને તો ભલભલા અંજાઈ જાય એમ છે. પરંતુ તમારી બુદ્ધિ જોઈને ગધેડાને પણ હસવું આવે."વિદ્યાર્થી : સાહેબ, અમારો દેખાવ ભગવાને ઘડ્યો છે, અમારી બુદ્ધિ શાળામાં તમે ઘડો છો."અલ્યા, તારે નિશાળે આટલો મોટો વજનદાર ચોપડાનો થેલો ઉંચકીને જવું પડે છે. તે શું ડોક્ટર થવાનો કે વકીલ ?" "મજૂર થઈશ એમ લાગે છે."

ગણિત શિક્ષક : ઘ'બોલ જોઈએ. પાંચ શેર બટાકા, ત્રણ શેર રીંગણા, બશેર પાપડી ને એક શેર વટાણા મળી કુલ શું થાય ?""ઉંધીયું થાય."રમેશ : શું તારા સાહેબને ખબર પડી ગઈ કે મેં આ જવાબ લખવામાં તને મદદ કરી હતી ? ઉમેશ : હા, એમણે કહ્યું કે આ કામ બે જણનું છે. એક માણસ આટલી ભૂલ ન કરી શકે.







# જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેલા

૧. એક ક્ષણ પણ ઈશ્વર ચિંતન વગર બેસશો નહીં.
૨. લૌકિક સંબંધનું સ્મરણ છે, ત્યાં સુધી ઈશ્વરમાં આસકિત નથી.
૩. વાસના જ પુનર્જન્મનું કારણ છે.
૪. જે ગમતું હોય, તે પ્રભુને આપીએ, તો આપણે પ્રભુને ગમીએ.
૫. વાસના વધી, ભોગો વધ્યા, તેથી સંસાર ખારો ઝેર બન્યો છે.
૬. જીવનમાં સંયમ, સદાચાર જયાં સુધી ન આવે, ત્યાં સુધી પુસ્તકમાનું જ્ઞાન કાંઈ તમે લાગશો નહીં.
૭. તમે મીતભાષી થશો તો સત્યભાષી થશો.
૮. મનને ખુબ પવિત્ર રાખો, કારણ કે મન મર્યા પછી પણ સાથે આવવાનું છે.
૯. મારી એક એક ઈન્દ્રિય મારે ભગવાનને અર્પણ કરવી છે એવી ભાવના એકાદશીને દિવસે કરો.
૧૦. ભાગવતની કથા જ્ઞાન, ભકિત અને વૌરાગ્યને વધારનારી છે.

# ઝળહળ ઝાકળ

**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

## મારા સમ, 'ના' ન પાડતા !

કેટલાક અદ્ભુત લોકો પોતાનું કામ કરાવવા તમારી અનિચ્છા હો તો ય 'હા' પડાવીને જ રહે છે અને 'હા' પડાવીને તમારી તમામ બાબતોને ડામાડોળ કરી દે છે. તમે તેને 'ના' નથી પાડી શકવાના, તેની એ 'જાણભેદુઓ'ને ખબર હોય છે. 'આવા'ને કામની ના પાડવી એ પણ એક કલા છે. વિવેકપૂર્ણ રીતે પણ સ્પષ્ટ ભાષામાં 'ના' કહેવાથી 'આવાઓ'થી બચી શકાય.

# ટ્યુશન : આશીર્વાદ કે અભિશાપ

**જ્ઞાનજયોતિ — શ્રી ગિજુભાઈ ભરાડ**

એક જમાનામાં ટ્યુશન પ્રવૃતિ સામે ખૂબ ઊહાપોહ થયો હતો, સમય જતા એ શાંત થઈ ગયો. એમાં મૂળ વિરોધ ટ્યુશનનો ન હતો, પરંતુ શાળાઓમાં સારૂ શિક્ષણ ન આપનારા શિક્ષકો શાળા સમય બાદ વધારાના નાણાં વાલીઓ પાસેથી લઈને જે વર્ગો પોતાના ઘરે ચલાવતા તેનો વિરોધ હત. સારા સ્તરની નિવાસી શિક્ષણ સંસ્થાઓમાં તો સંસ્થા જ વર્ગ શિક્ષણ અને ટ્યુશન કલાસ બંનેનું સંચાલન કરે છે. નિવાસી સંસ્થાઓમાં તો સંસ્થા જ વર્ગ શિક્ષણ અને ટ્યુશન કલાસ બંનેનું સંચાલન કરે છે. નિવાસી સંસ્થાઓમાં શિક્ષણ એક સતત પ્રવૃતિ છે. પશ્ચિમના દેશોમાં તો માતાપિતાને શિક્ષણ કાર્યમાં અંતરાય માનીને નિવાસી શિક્ષણને હવે વધુ મહત્ત્વ આપવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે ભારતની ટ્યુશન ઈન્ડસ્ટ્રીઝ વરસે બાર હજાર કરોડોનું ટર્ન ઓવર કરે છે અને આવનારા વરસોમાં કોર્પોરેટ જાયન્ટ કહેવાય એવી કંપનીઓ દેશભરમાં પોતાના બ્રાન્ડેડ કલાસિઝ શરૂ કરશે. દિલ્હી, હૈદ્રાબાદ, બેંગ્લોર વગેરે ટોચના શહેરોમાં વિવિધ પ્રવેશ પરીક્ષાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિશાળ વિદ્યાસંકુલો અસ્તિત્વમાં આવવા લાગ્યા છે. સ્પર્ધાત્મક અને પ્રવેશ પરીક્ષાઓમાં ઊંચી રેન્કમાં ઉત્તીર્ણ થવા માટે શાળા–કોલેજનું શિક્ષણ અપૂરતું સાબિત થયું છે.

# નિર્મળ પ્રેમનું ખળખળ વહેતું ઝરણું એટલે દીકરી

**દીકરી વ્હાલનો દરીયો — લેખકશ્રી બલદેવભાઈ ઓઝા**

દાદાને વ્હાલી દીકરી એ વાતની સૌને ખરબ છે. પણ બાળ ઉમરની દીકરી જયારે દાદાને વ્હાલના જળથી ભીંજવી નાખે ત્યારે દીકરીની ઉજજવલ આભાના દર્શન થાય છે.

હું અમદાવાદ ગયો. સૌ કુશળ પુછતા. હું જવાબ આપતો, 'હોવ... મજામાં... આનંદ મંગળ છે.''મારી બાર વરસની ભાણી ધ્રુવી. મારા સામુ તાકી રહે. સૌ સુઈ ગયા પછી રાત્રે મારા રૂમમાં આવી. બારણું અંદરથી બંધ કર્યુ. મને કહે છે. ''દાદા, હું એક વાત પુછું છું. સાચે સાચો જવાબ આપજો.

એની આવી વાતથી મને નવાઈ લાગી. મેં કહયું, દાદા કયારે' ય ખોટું બોલે ખરા ? એમ નહી. તમે મારા સમ ખાવ. હું પછું એનો મને સાવ સાચો જવાબ આપશો.

સાચો જવાબ આપીશ બસ બોલ શું છે ?દાદા, તમે શું ચિંતા કરો છો ? કેવા દુબળા પડી ગયા છો ? મને સાચે સાચું કહો તમે શેની ચિંતા કરો છો ?સાચુ ન કહો તો મારા સમ

મારી આંખો ભીની થઈ. મે કહયું,બેટા, તું હજુ નાની છો. સંસારની આધિ વ્યાધિનો તને કયાંથી ખ્યાલ હોય ?

# બાળ દેવદૂત

બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન — પ્રકાશક જી.બી.મકવાણા, દિગ્વિજયસિંહ ચુડાસમા, વાલજીભાઈ રાઠોડ

૧. શિશુના હોઠ ઉપર ભગવાન વસે છે, હદયમાં માતા. – નાગોરી
૨. બાળકએ કોઈ વાસણ નથી કે એને ભરી કાઢીએ. એ તો એક જયોત છે, જેને પેટાવવાની છે. – અજ્ઞાત
૩. બાળકની સાચી પાઠશાળા માતાનું હદય છે. – બીચર
૪. બાળક માટે, એક પિતા દસ આચાર્ય બરાબર છે, એક માતા સો આચાર્ય બરાબર છે. – ઉપનિષદ્
૫. ઈશ્વરની સૃષ્ટિમાં બાળક એક અદ્ભુત નિર્દોષ સર્જન છે. આપણે તેની સમક્ષ માનવપૂર્વક ઊભા રહી, તેના વિકાસના ક્રમને ઓળખીને તેને અનુકૂળતા કરી આપીએ. – ગિજુભાઈ બધેકા
૬. જેઓ ચોપડી જ વાંચીને જ્ઞાન લેવાની મુરાદ છે તેઓ મહેતાજી થશે. જેઓ બાળકોને વાંચીને જ્ઞાન મેળવશે તેઓ કેળવણીશાસ્ત્રી થશે. બાળક માત્ર કેળવણીકાર માટે સમર્થ, અદ્વિતીય અને મહાન ગ્રંથ છે. – ગિજુભાઈ બધેકા
૭. જયાં સુધી બાળકો ઘરમાં માર ખાય, શાળામાં ગાળ ખાય, ત્યાં સુધી જંપ કેમ વળે ? જયાં સુધી બાળકો માટે શાળાઓ, વાંચનાલય, બાગ – બગીચા અને ક્રીડાંગણો નથી ત્યાં સુધી જંપ કેમ વળે ? જયાં સુધી બાળકો માટે પ્રેમ અને સન્માન નથી ત્યાં સુધી જંપ કેમ વળે ? – ગિજુભાઈ બધેકા,
૮. ધરતી પર અવતરનાર પ્રત્યેક બાળક એવો સંવાદ લઈને આવે છે કે, ઈશ્વરે હજુ માનવજાત ઉપરથી સંપુર્ણ વિશ્વાસ ગુમાવ્યો નથી. – રવીન્દ્રનાથ ટાગોર
૯. બાળક એ પ્રભુએ આપણા પર લખેલો પ્રેમપત્ર છે ! – ગિજુભાઈ બધેકા
૧૦. પ્રભુ સુધી પહોંચવાનો એક માર્ગ નાના બાળક પાસેથી પણ પસાર થાય છે. – ગિજુભાઈ બધેકા

# દાદાને આવ્યું સપનું

**– મણિલાલ ન. પટેલ 'જગતમિત્ર'**


"અલ્યા છોકરાઓ, લ્યો ત્યારે, આજ તો એક નવી જ વારતા કહું." કહીને દાદા ઓટલે બેઠા. આ સાંભળી ચારપાંચ ભૂલકોં અને ત્રણચાર કિશોર–કિશોરીઓ ભેગાં થઈ ગયાં ને દાદાની ચારે બાજુ ફરતે પલાંઠી વાળીને ઠાવકાં થઈને ગોઠવાઈ ગયી.ને દાદાએ શરૂ કર્યુ – "ભઈ, આજ તો એક નવી જ ઢબની વારતા કહેવાની છું."

"પણ કહી દો ને દાદા, ડૂકાવ્યા વગર રળી." ચાંપલો ટીનું એકદમ બોલી પડ્યો. બધાં છોકરી હસી પડયાં.

દાદા બોલ્યા – "આજ તો હું તમને મારા રાપના વિશે કહેવાનો છું." છોકરાંની આંખોમાં તાલાવેલી સળવળ વા લાગી.દાદાએ શરૂ કર્યુ – "હું પથારીમાં ક્યારે ઊંઘી ગયો તેની ખબર નથી, એકદમ મને ચારે બાજુએ અજવાળું જ અજવાળું દેખાવા લાગ્યું. ચારે બાજુ સુગંધ છવાઈ ગઈ. ઠંડો પવન પાવો વગાડવા લાગ્યો. એવામાં એક બાળપરી નીચે ઊતરી આવી.""તે હેં દાદા, તમનેય પરીઓનાં સપનાં આવવા લાગ્યો ?" નાની ચીબુ બોલી, જવાબમાં દાદાએ કહ્યું – "જેને સપનાં ના આવતાં હોય તે માણસ કહેવાય ?"પછી ખોંખારો ખાઈ, ઘૂંટડો પાણી પીને દાદાએ શરૂ કર્યુ – "પછી પરી તો મારી સામે આગળ વધવા લાગી. મને તો ડર લાગવા માંડયો. પરી તો કેવી દેખાય ! ભઈ, એના રૂપનું તો શું કહેવું ?!"" હા,પછી પરી મને કહેવા લાગી. 'દાદા, તમે છોકરાંને બહુ વારતાઓ કહો છો તો મનેય એક વારતા સંભળાવો ને !' મેં કહ્યું – 'અમારી વાતોમાં તમને સમજણ નહીં પડે, તમે દેવતાઈ કહેવાઓ.' તોય એ પરીએ તો હઠ પકડી. થાકીને મેં એને પેલી, તમને કહી હતી તે, 'આભાલાડુ' વાળી વારતા કહી. પરી તો મારી બેટી એવી હસે.... એવી હસે... ખી... ખી... ખી... ખી... બોલે તો જાણે રૂપાની ઘંટડી રણકી ને હસે તો જાણે ફૂલ ખીલ્યાં.''પછી દાદાએ એક મો... હું બગાસું ખાધું.

"દાદા... કહો ને પછી શું થયું ?"દાદા બોલ્યા – "પછી વળી પરી એકદમ રડવા લાગી. મેં કારણ પૂછ્યું તો એ કહે – 'દાદા, માણસ કેટલો નસીબદાર છે ! એને નાનપણમાં માતા–પિતાનું વહાલ મળે છે ! દાદા–દાદીનાં લાડ મળે છે. મોટો થતાં તે પોતાનાં બાળકોને વહાલ કરે છે."' મારે પણ તમારા જેવા દાદા હોત તો કેવી મજા !. પણ નથી એટલે...' કહીને એ તો રીતસર ભેંકડો તાણીને રડવા લાગી. એનું રડવાનુ પણ હતું મધમીઠું. એટલે મેં એને કહ્યું – "કાલથી તું મારા ઘરે આવી જા, દીકરી ! ત્યાં તારા જેવડા ઘણાં બધાં બાળકો છે. તને ખૂબ મજા પડશે. ત્યારે એણે એક શરત મૂકી..."

"શરત ? કેવી શરત, દાદા ?"પરી કહે – "દાદા, હું એ છોકરાં સાથે એક શરતે રહું." મેં કહ્યું – "કઈ શરતે ?"તો એ કહે –"કોઈ મસાલા ખાય નહી,મમ્મી–પપ્પાનું કહ્યું કરે,ક્યાંય રખડવા જાય નહીં, સાહેબનું સૌ કહ્યું કરે કોઈ ખોટા મારગે નહીં ચડે,તો જ મારાં ત્યાં પગલાં પડે !



આ સાંભળી બધાં છોકરાં નીચું જોઈ ગયાં.દાદા બોલ્યા – "આ શરત તમે પાળો તો એ અહીં આવે. વિચાર કરીને કહો."બે ચાર છોકરાં બોલ્યાં "દાદા, અમે શરત પાળશું."ટીનુ બોલ્યો – "દાદા, એ અમને સુધારવા માગે છે, પણ એ જ અમારા જેવી થઈ જશે તો ?"ને એના મિત્રો હસી પડ્યા મનમાં બોલ્યા " એક વાર પરીને અહીં આવવા તો દો, પછી જોજો, કેવી મજા આવે છે !"ત્યાં આકાશમાંથી અવાજ આવ્યો "દાદા, હવે હું નીચે નહીં આવું. તમે થોડાં વર્ષો પછી અહીં આવવાના જ છો ને ?"ને ખી... ખી... ખી... ખી... હસવા સાથે જમીન ઉપર મઘમઘતાં ફૂલ ખર્યાં.

**('બાલરંજન' – જુલાઈ)**

# મોટી ચીજ માનવતા

**સંસ્કાર ગાથા — શ્રી ગિજુભાઈ ભરાડ, પૂ.શ્રી મુક્તાનંદ બાપુ**

બહાર જોરદાર વરસાદ હતો અને પવન સૂસવાતો હતો. વીજળી કડાકા મારતી હતી. એવા સમયે મોડી રાતે ફિલાડેલ્ફિયાની એક નાની હોટેલમાં કોઈ આધેડ દંપતીએ પ્રવેશ કર્યો. તેમણે કાઉન્ટર પરના કલાર્કને કહ્યું :'રાત ગાળવા એક રૂમ મળશે ?''બધા રૂમ અપાયેલા છે.' અમે બધી હોટેલોમાં ફરી વળ્યાં. ક્યાંય જગ્યા ન મળી. આ વરસાદી રાત ગાળવી ક્યાં ?'હોટેલના કલાર્કે ધીરેથી કહ્યું :'આપ બંને મારી રૂમમાં રહેવાનું પસંદ કરશો ?''પણ તમે ?''મારી ચિંતા છોડો. હું ક્યાંક મેજ પર સૂઈ જઈશ. પણ...''પણ શું ?''મારી રૂમ ખૂબ જ નાની છે અને તેમાં સાધારણ બિસ્તર છે. એમાં આપ બંને...''કાંઈ વાંધો નહિ. અમારે તો રાત પસાર કરવી છે.'

કલાર્ક તેમને પોતાની રૂમમાં લઈ ગયો. તે પોતે ડાઈનિંગ–હોલના મેજ પર પડ્યો રહ્યો. સવારે તે પતિ–પત્ની આભાર માનીને જતા રહ્યા.

થોડા દિવસ પછી કલાર્કના નામે એક પત્ર આવ્યો. તે પત્રમાં તેને ન્યૂયોર્ક આવવા આમંત્રણ હતું. આવવા જવાની હવાઈ–જહાજની ટિકિટો પણ હતી.


કલાર્ક ન્યૂયોર્ક પહોચ્યો, ત્યારે તેને જાણ થઈ કે તે વરસાદી રાતે હોટેલમાં શરણ લેનાર વ્યકિતએ તેમને નિમંત્રણ આપ્યું હતું. તે વ્યકિત હતી અમેરિકાના પ્રસિદ્ધ ન્યાયાધીશ વિલિયમ વેલફોર્ડ આષ્ટો.

ન્યાયાધીશ વેલફોર્ડ તે કલાર્કને પાંચમા એવન્યૂના ચોત્રીસમા માર્ગ પરના વળાંકે લઈ ગયા. ત્યાં વિશાળ રાજભવન જેવું એક મોટું ભવન હતું. તેના બોર્ડ પર લખાયેલું હતું : 'વેલફોર્ડ આષ્ટારિયા હોટેલ.'ન્યાયાધીશ વેલફોર્ડે કલાર્કને કહ્યું :'આજથી તુંઆ હોટેલનો મેનેજર છે. આ હોટેલ મેં માત્ર તારા માટે બનાવી છે.''હું તો નાની હોટલનો સાધારણ કલાર્ક છું. શું આવી મોટી હોટલની જવાબદારી સંભાળી શકીશ ?''સાંભળ, સૌથી મોટી ચીજ છે માનવતા. તારો તે ગુણ મોટામાં મોટી જવાબદારી સંભાળવા માટે પૂરતો છે.'

# કુદરતી સંપત્તિનો બગાડ

જગ વિખ્યાત વિજ્ઞાની આઈન્સ્ટાઈન પૂરા માનવતાવાદી હતાં. તેઓ માનતા કે, કોઈ પણ કુદરતી સંપત્તિનો કદીદુર્વ્યય કરવો જોઈએ નહિ. કોઈ પદાર્થ કે ચીજોનો વધારે પડતો વ્યય કરવો એ પણ કુદરત સાથે એક અન્યાય કરવા બરાબર છે.પાણી વનસ્પતિ આદિ કુદરતી સંપત્તિ છે. તેનો ઉપયોગ વિવેકપૂર્વક જથવો જોઈએ એમ તેઓ સ્પષ્ટ માનતા.પાણીનો ખોટો બગાડ જોઈને તેઓ ખિન્ન બની જતાં.આવો એક પ્રસંગ તેમના જીવનમાંથી મળી આવે છે. તેઓ જે મકાનમાં રહેતા, તેની બાજુના જ મકાનમાં રહેતા એક સજ્જને પોતાના મકાનની આસપાસ બગીચો બનાવ્યો હતો. બગીચાનું કામ તેઓ જાતે કરતાં ન હતાં. એક કામ માટે તેમણે પગારથી એક માળી રાખ્યો હતો. એકવાર માળીએ બગીચામાં પાણીનો ભારે છંટકાવ કર્યો. એ જોઈને આઈન્સ્ટાઈનને મનમાં લાગી આવ્યું અને તુરત જ પેલા પડોશી સજ્જન પાસે ગયા. માળીએ પાણી જોઈએ તે કરતાં ઘણો વધુ છંટકાવ કર્યો હોવાનું તેમણે પેલા સજ્જનને જણાવ્યું. પેલા સજ્જને કહ્યું, 'હવે પાણી વધારે વપરાયું એમાં શું થઈ ગયું ?'આઈન્સ્ટાઈને કહ્યું, 'પાણીને કોઈ હલકી ચીજ ન ગણો. તમને કદાચ ખબર નહિ હોય કે યુદ્ધહાનિ કરતાં પાણીનો બગાડ દુનિયા માટે ગંભીર છે ! જો પાણી માટે પૈસા આપવા પડતા હોય તો લોકો પાણીનો બગાડ કરતાં જરૂર ડરત.! મારા હાથમાં જો શાસન હોય તો પાણીના વપરાશ પર કર નાખ્યા વગર રહું નહિ.' (સૌજન્ય – 'તમન્ના')


# આ મારું ચિત્ર છે




ડાભી કુપાલી ભરતભાઈ
( ધો.૮, શ્રી પાણિયા પ્રાથમિક શાળા )




આરાધના મધુભાઈ કુકવાવા
( ધો.૮, શ્રી પાણિયા પ્રાથમિક શાળા )



ડાભી કુપાલી ભરતભાઈ
( ધો.૮, શ્રી પાણિયા પ્રાથમિક શાળા )



શીતલ ચતુરભાઈ
(ધોરણ : ૮, પાણિયા પ્રા.શાળા અમરેલી )

# બાબરા ખાતે ગોપાલક છાત્રાલય દ્વારા સમસ્ત ભરવાડ સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા મુકામે ગોપાલક છાત્રાલય ધ્વારા સમસ્ત ભરવાડ સમાજના દ્વિતીય સમૂહલગ્નનું અત્યંત ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક કમળશી હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં આયોજિત આ માંગલિક પ્રસંગે ૪૫ નવદંપતીઓએ રૂક્ષ્મણી વિવાહની પવિત્ર સાક્ષીમાં હસ્તમેળાપ કરી નવું જીવન શરૂ કર્યુ હતું. આ પ્રસંગે વિવિધ મઠ–મંદિરોના સાધુ–સંતો તેમજ રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓએ ખાસ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગોપાલક છાત્રાલયના સંચાલકો ધ્વારા ઉપસ્થિત તમામ મહેમાનો અને મહાનુભાવોનું ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું. આ સમૂહલગ્નમાં ઉદારતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડતા નિલવળા દરબાર ભાભલુભાઈ ધાંધલ ધ્વારા રૂા. ૧૧ લાખથી વધુની રકમનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું, જે બદલ ભરવાડ સમાજ ધ્વારા પરંપરાગત શૈલીમાં તેમનું ભવ્ય બહુમાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ગોપાલક છાત્રાલયના પ્રમુખ ખોડાભાઈ રાતડીયાના કુશળ માર્ગદર્શન હેઠળ સમાજના અગ્રણીઓ અને ઉત્સાહી યુવાનોએ રાત–દિવસ ભારે જહેમત ઉઠાવી હતી. આ સમૂહલગ્ન મહોત્સવથી સમગ્ર પંથકના ભરવાડ સમાજમાં અનેરો ઉત્સાહ અને એકતાના દર્શન થયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## ભાજપનું સંગઠન માળખુ જાહેર કરાયુ

મોરચો, મહિલા મોર્ચો, કિસાન મોર્ચો, બક્ષીપંચ મોર્ચો, અનુ.જાતિ મોર્ચો અને લુઘુમતી મોર્ચાનાં પ્રમુખ અને મહામંત્રીઓની વરણી કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

**જિલ્લા મહામંત્રી પદે** મયુરભાઈ માંજરીયા, ચેતનભાઈ શિયાળ અને રાજુભાઈ ભુતૈયા, **ઉપપ્રમુખપદે** મેહુલભાઈ ધોરાજીયા, મનોજભાઈ મહીડા, શરદ પંડયા, દીપક વઘાસીયા, ગીતાબેન કારીયા, રમાબેન હીરપરા, દિલીપ જોષી અને ધર્મેન્દ્રગીરી ગોસાઈ અને મંત્રી તરીકે પ્રવિણભાઈ સાવજ, પ્રાગજીભાઈ વસાણી, રંજનબેન ડાભી, કોમલબેન બારૈયા, લીલાબેન ભુવા, બ્રિજેશ કુરૂંદલે, હીનાબેન નાંઢા અને ક્રિષ્નાબેન મકવાણાને જવાબદારી સોંપવામાં આવી છે.

જયારે કોષધ્યક્ષ મહેશભાઈ જાવીયા, કાર્યાલયમંત્રી મહેન્દ્રભાઈ ચાવડા, સોશ્યલ મીડિયા વિભાગ દિવ્યેશ વેકરિયા, આઈ.ટી. વિભાગ રાકેશ નાકરાણી અને મીડિયા વિભાગની જવાબદારી વિપુલ ભટ્ટીને સોંપવામાં આવી છે.

જયારે યુવા મોર્ચા પ્રમુખ તરીકે ચેતનભાઈ ધાનાણી અને મહિલા મોર્ચા પ્રમુખ તરીકે અલ્કાબેન ગોંડલીયા, કિસાન મોર્ચાનાં પ્રમુખ તરીકે મુકેશભાઈ ખોખરીયા, બક્ષીપંચ મોર્ચાનાં પ્રમુખ તરીકે સાગર સરવૈયા, અનુ.જાતિ મોર્ચાનાં પ્રમુખ તરીકે સંદિપ સોલંકી અને લઘુમતી મોર્ચાનાં પ્રમુખ તરીકે રજાકભાઈ કચરાને જવાબદારી સોંપવામાં આવી છે.

જયારે, યુવા મોર્ચાનાં મહામંત્રી તરીકે શિવાંગ ત્રિવેદી, રોમિત કોટડીયા, મહિલા મોર્ચાનાં મહામંત્રી તરીકે નયનાબેન કાપડીયા અને સરોજબેન દેવમુરારી, કિસાન મોરચાનાં મહામંત્રી તરીકે હરસુરભાઈ લાખણોત્રા અને રણજિતભાઈ વાળા, બક્ષીપંચ મોર્ચાનાં મહામંત્રી પદે સંજય લાખાણી, વનરાજભાઈ વાળા, અનુ.જાતિ મોર્ચાના મહામંત્રી પદે ભીખાભાઈ સરવૈયા અને મુકેશભાઈ બગડા અને લઘુમતી મોર્ચાનાં મહામંત્રી પદે શબ્બીરભાઈ મલેક અને સમીર કનોજીયાને જવાબદારી સોંપાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરા પાલિકા પ્રમુખ સહિત

જયારે કૌશિકભાઈ પોતાની દુકાને બેઠા હતા, ત્યારે ઉપરોકત ત્રણેય શખ્સોએ ત્યાં પહોંચી પૂર્વનિયોજિત કાવતરૂ પાર પાડયું હતું. આરોપીઓએ કૌશિકભાઈ પાસે દારૂની બોટલ મૂકી મોબાઈલમાં શૂટિંગ ઉતારી 'તમે દારૂ પીવો છો' તેવા ખોટા આક્ષેપો કર્યા હતા અને ત્યારબાદ મોબાઈલ બંધ કરી તેમને ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો. આ હુમલામાં કૌશિકભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને બાબરાથી અમરેલી હોસ્પિટલ રિફર કરવા પડયા હતા. પીડિત દ્વારા સામી ફરિયાદ આપવા છતાં રાજકીય વગના કારણે પોલીસે કોઈ કાર્યવાહી ન કરતા અંતે એડવોકેટ ટી.જે. તન્ના મારફતે કોર્ટમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ફરિયાદ દાખલ કરાઈ હતી, જેના આધારે કોર્ટે ગત ૧૦/૦૨/૨૦૨૬ના રોજ આ ત્રણેય વગદાર આરોપીઓ સામે તપાસનો કડક હુકમ કર્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં આંગણે માણેકપરામાં

યીન વિગેરે શરીર પરની વધારાની ચરબીને કાયોલાઈપોલીસીસ મશીન ધ્વારા દુર કરવાની સારવાર તદ ઉપરાંત તાવ, શરદી, ઉધરસ, માથું દુઃખાવો, વિગેરેની સારવાર. પેટનો જુનો દુઃખાવો, કબજિયાત, ગેસ, અપચો વિગેરેની સારવાર, આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવામાં આવશે, બી.પી., ડાયાબિટિશ, હૃદયનાં દર્દી, ડિસલીપીડેમિયા લોહી જાડુ થવું વિગેરેની સારવાર ઝાડા, ઉલટી, ચક્કર આવવાની સારવાર, ધાધરની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર આ તમામ સારવાર અહિં એક જ જગ્યાએથી ઉપલબ્ધ થશે.

આયુરગ્લો આયુર્વેદિક એસ્થેટિકસ હોસ્પિટલનું શુભારંભ પ્રસંગે અમરેલી જિલ્લાનાં આયુર્વેદિક સારવારમાં રસ ધરાવતાં તમામ લોકોએ હાજર રહી અમારા આ નવા સાહસને પ્રોત્સાહિત કરવા ડો. કેયુર કોટડીયા, ડો. બીના જી. રાબડીયા તથા ડો. સોનલ જી. રાબડીયાએ નિમંત્રણ પાઠવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## મોટી કુંકાવાવનાં યુવકે અને

વિસ્તારમાં રહેતા ઉજીબેન ઉકાભાઈ રાઠોડ નામના ૮૦ વર્ષીય વૃધ્ધાને કમર તથા પગનાં ગોઠણનો દુઃખાવો રહેતો હોય જેથી વૃધ્ધાએ દુઃખાવાથી કંટાળી જઈ પોતાની મેળે પોતાના ઘરે ગત તા. ૧૨ ના સવારનાં નવેક વાગ્યાથી અગીયારેક વાગ્યા સમય દરમ્યાન ગળાફાંસો ખાઈ લેતા વૃધ્ધાનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે
# અમરેલીના રંગપુર અને વડેરા મુકામે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ સંપન્ન
### નવા બનેલ ચેકડેમમાં કુલ ૧ કરોડ લીટરથી વધુ પાણીનો સંગ્રહ થશે



અમરેલી, તા. ૧૩

અમરેલીના રંગપુર અને વડેરા મુકામે ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું.

રંગપુર મુકામે સીસીરોડ–સુવિધાપથનું નિર્માણ થતા ગ્રામજનોની વર્ષો જૂની સમસ્યા ભૂતકાળ બની છે. કુલ રૂા. ૧.૨૫ કરોડના ખર્ચે સુવિધાપથ બનાવવામાં આવ્યો છે. પાકો રોડ બનતા ગ્રામજનોની સુવિધાઓમાં વધારો થયો છે.

વડેરા મુકામે ગ્રામજનો ચોમાસા દરમિયાન પૂરની સ્થિતિનો સામનો કરતા હતા. અહીં પૂર સંરક્ષણ દિવાલ બની જતા હવે આ સમસ્યા ભૂતકાળ બનશે. કુલ રૂા. ૨૯ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ અને અદાજિત કુલ રૂા. ૩૧.૮૦ લાખના ખર્ચે નવનિર્મિત ચેકડેમનું રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. નવા ચેકડેમમાં કુલ ૧ કરોડ લીટરથી વધુ પાણીનો સંગ્રહ થશે, આસપાસની ૩૦ એકર જમીનને લાભ મળશે.

અમરેલીના રંગપુર અને વડેરા મુકામે વિવિધ વિકાસકામોના લોકાર્પણ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, જીલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, સરપંચ, પંચાયત સભ્યો, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૪૫ | ૧૪૭૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૫૨૦ |
| ૩ | શિંગ મોટી | ૧૨૦૦ | ૧૫૩૦ |
| ૪ | શિંગદાણા | ૧૩૦૦ | ૨૦૪૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૮૧૫ | ૨૦૭૫ |
| ૬ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૩૨૫ |
| ૭ | તલ કાળા | ૧૭૦૦ | ૩૮૦૦ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૧૧૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૭૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૪૫ |
| ૧૧ | મગ | ૫૦૦ | ૬૦૦ |
| ૧૨ | ચણા | ૭૯૦ | ૧૦૬૫ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૧૪ | સફેદ ચણા | ૬૮૦ | ૧૧૦૦ |
| ૧૫ | તુવેર | ૭૨૦ | ૧૫૯૫ |
| ૧૬ | વાલ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૧૭ | કપાસ | ૯૨૫ | ૧૬૧૦ |
| ૧૮ | એરંડા | ૧૧૨૦ | ૧૨૬૫ |
| ૧૯ | જીરૂ | ૨૦૦૦ | ૪૦૯૦ |
| ૨૦ | રાયડો | ૧૦૧૦ | ૧૦૧૫ |
| ૨૧ | ધાણા | ૧૪૪૦ | ૨૦૭૫ |
| ૨૨ | ધાણી | ૧૪૦૦ | ૨૦૭૫ |
| ૨૩ | અજમા | ૧૬૦૦ | ૨૪૫૦ |
| ૨૪ | સોયાબીન | ૯૯૫ | ૧૦૪૫ |
| ૨૫ | મરચા લાંબા | ૧૫૦૦ | ૭૦૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૫ | ૧૫૦૯ |
| ૨ | ઘઉં | ૪૨૫ | ૫૦૫ |
| ૩ | તુવેર સફેદ | ૧૦૦૫ | ૧૫૨૬ |
| ૪ | સોયાબીન | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૫ | અડદ | ૧૧૬૫ | ૧૪૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૩૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૪૦ | ૨૦૦૬ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | – |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૨૫૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૬૧૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૫ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૬૦૧ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૯૫૦ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૩૩૦ |
| ૧૨ | ચણા | ૯૧૦ | ૧૦૫૨ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૬૦૪ |
| ૧૪ | ધાણા | ૧૬૦૦ | ૨૩૦૧ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૨૦ | ૯૬૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૦૧ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૨૫ |
| ૩ | ધાણા | ૧૩૦૦ | ૧૫૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૦ | ૨૦૨૫ |
| ૫ | સોયાબીન | ૮૬૦ | ૧૦૫૨ |
| ૬ | મગફળી | ૧૦૪૦ | ૧૨૮૦ |
| ૭ | તુવેર | ૧૧૦૦ | ૧૪૮૦ |
| ૮ | શીંગદાણા | ૧૪૨૫ | ૧૫૨૦ |
| ૯ | જુવાર | ૭૧૫ | ૭૧૫ |
| ૧૦ | એરંડી | ૧૦૯૫ | ૧૦૯૫ |
| ૧૧ | મગ | ૧૦૦૦ | ૧૧૭૦ |

## અવસાન નોંધ

**અમરેલી :** જેશીંગપરાના નિવાસી ભદ્રેશગીરીબાપુ છોટુગીરીબાપુનું તા.૧૨ ફેબ્રઆરી–૨૦૨૬ના રોજ અવસાન થયેલ તેઓ દિવ્યાબેનના પતિ, ભુમિબેન, કેયુરભાઈ, અવનીબેનના પિતા થાય છે. તેમનું બેસણું ૧૪ ફેબ્રઆરીને શનિવારે ઓમકારવાડી, જેશીંગપરા ખાતે રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૦ | ૧૬૩૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૬૦ |
| ૩ | મગફળી | ૧૨૧૦ | ૧૫૦૦ |
| ૪ | જીરૂ | ૩૨૨૯ | ૪૦૮૧ |
| ૫ | ચણા | ૯૭૫ | ૧૦૬૫ |
| ૬ | ઘઉં | ૪૮૫ | ૫૨૫ |
| ૭ | તુવેર | ૧૧૨૦ | ૧૪૬૦ |
| ૮ | ધાણા | ૧૨૬૫ | ૧૭૨૫ |

# અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભાની હેન્ડબોલમાં સુવર્ણ સિધ્ધી સાથે વિદ્યાસભાની DLSS બહેનોનું ઐતિહાસિક પ્રદર્શન







તારીખઃ ૧૯ થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૬૯ ઓલ ઈન્ડિયન અંડર–૧૭ બહેનોની નેશનલ કક્ષા હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન સોમનાથ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરના અલગ–અલગ રાજયોની શ્રેષ્ઠ શાળાકીય હેન્ડબોલ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભાની ડીએલએસએસ ખેલાડીઓએ ગુજરાત રાજય તરફથી ટીમમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કટોકટીના મુકાબલા વચ્ચે ગુજરાતની અંડર–૧૭ બહેનોની હેન્ડબોલ ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને સુવર્ણ પદક મેળવી ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યું છે. જેમાં આ સંસ્થાના (૧)બલદાણીયા હિરલ લાલજીભાઈ, (૨) બારૈયા નિધી દિનેશભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલની ડીએલએસએસ ખેલાડીઓએ આ ગૌરવપૂર્ણ સિધ્ધિમાં અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોટર્સ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે. ગુજરાતની ટીમમાં ગજેરા કેમ્પસના બંને પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી થવીએ સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગર્વની બાબત બની છે. નેશનલ કક્ષાએ મેડલ જીતી અમરેલી જિલ્લાનું નામ રાજય અને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કર્યુ છે. આ સિધ્ધિ ધ્વારા ફરી એકવાર નેશનલ કક્ષાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સંસ્થામાં તજજ્ઞો ધ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ ધ્વારા પ્રશિક્ષણ મેળવી સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી ટીમ, તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# અમરેલી ખાતે સ્થાપિત ''સેન્ટર ઓફ એકસીલેન્સ''ડેરી અને પશુપાલન માટે ગૌરવની બાબત









અમરેલી ખાતે સ્થાપિત ''સેન્ટર ઓફ એકસીલેન્સ'' દેશના ડેરી અને પશુપાલન ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે, આ સેન્ટર ખાતે આધુનિક અને વૈજ્ઞાનિક પધ્ધતિઓ ધ્વારા ગીર જાતિના સંવર્ધન માટે કરવામાં આવી રહેલી કામગીરી ખરેખર પ્રશંસનીય છે. અહીં જન્મેલ ગીર વાછરડી દેશના પશુપાલન ક્ષેત્રે નવી દિશા અને નવી આશાનું પ્રતિક બની છે અને અમર ડેરીની કામગીરી બિરદાવેલ હતી. ત્યારે નવી દિલ્હી ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં દૂધ અને દૂધ ઉત્પાદનોના ઈમ્પોર્ટ–એકસપોર્ટ અંગેની નીતિઓ, ગુણવત્તા સુધારણા તથા આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ડેરી ઉત્પાદનોને મજબૂત સ્થાન અપાવવા માટેના પ્રયત્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. સાથે સાથે દૂધ ઉત્પાદન વધારવા માટે જિનેટિક સુધારણા, ઉત્તમ ચારો વ્યવસ્થાપન, પશુ આરોગ્ય સેવાઓ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ જેવી વૈજ્ઞાનિક પધ્ધતિઓ પર પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. ગીર જેવી સ્વદેશી જાતિના સંવર્ધન ધ્વારા ખેડૂતો અને પશુપાલકોની આવક વધે અને આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર બને તે માટે આવી પહેલ અત્યંત મહત્વપૂર્ણ છે. અમરેલી માટે ગૌરવની વાત છે કે, દેશ સ્તરે માર્ગદર્શન આપતું આ સેન્ટર અહીં સ્થાપિત થયું છે. આ પ્રયાસો થકી પશુપાલકોને નવી ટેકનિક, યોગ્ય માર્ગદર્શન અને વધુ ઉત્પાદનક્ષમતા પ્રાપ્ત થશે, જે ગામડાંના આર્થિક વિકાસ માટે મજબૂત પાયો સાબિત થશે. દેશભરના ડેરી ઉદ્યોગ સાથે જોડાયેલા આગેવાનો, નિષ્ણાતો અને ઉદ્યોગસાહસિકો સાથે મુલાકાત કરી નવી ટેકનોલોજી, નવીનતા અને વિકાસના મુદ્દાઓ પર ચર્ચા કરવાનો ઉત્તમ અવસર પ્રાપ્ત થયો. અને ડેરી ક્ષેત્રને વધુ સશક્ત બનાવીને ગ્રામિણ ભારતના વિકાસ માટે આ પ્રકારના આયોજન ખૂબ જ પ્રેરણાદાયી છે. દિલ્હી ખાતે યોજાયેલ આ Dairy Industry Conference & Exhibitionમાં કેન્દ્રીય ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન, કેન્દ્રીય મતસ્ય પશુપાલન અને ડેરી રાજય મંત્રી પ્રોફ.એસ.પી.સિંહ બઘેલ, ઈન્ડિયન ડેરી ફેડરેશનના ચેરમેન સુધિરકુમાર સિંહ, ચેરમેન ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશનના પ્રમુખ ફ્રોમોં, તથા ડિરેકટર જનરલ લોરન્સ રાયકન, ખેરાલુના ધારાસભ્ય સરદારભાઈ ચૌધરીજી, એનડીડીબીનાં અધ્યક્ષ મીનેશ શાહ જી, જીસીએમએમએફ (અમૂલ)ના ચેરમેન અશોકભાઈ ચૌધરી, જી,એમ.ડી. જયેન મહેતા તથા ભૂતપૂર્વ એમ.ડી. ડો. આર.એસ. સોઢી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ

## મોટી કુંકાવાવમાં વોટર ફિલ્ટર પ્લાન્ટ, નવનિર્મિત સરદાર સર્કલ સહિતના વિવિધ વિકાસકામો દાતાઓના સહયોગથી પૂર્ણ

### સુવિધામાં વધારો થતાં સૌ કોઈમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવને વોટર ફિલ્ટર પ્લાન્ટ, નવનિર્મિત સરદાર સર્કલ, પાણીનો સંપ, કૈલાશ મોક્ષધામ નવીનીકરણ સહિતના વિવિધ વિકાસકામોની ભેટ મળી છે. આજરોજ રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.મોટી કુંકાવાવ ખાતે પીવાના શુદ્ધ પાણીની સુવિધા સહિતના વિવિધ વિકાસ પ્રકલ્પો માટે દાતાનો સહયોગ મળતા વોટર ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. ઉપરાંત સરદાર સર્કલનું નિર્માણ પણ કરવામાં આવ્યુ છે.

મોટી કુંકાવાવ ખાતે દાતાઓના સહયોગથી નિર્મિત વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા અને તાલુકા પંચાયત સભ્યો, સરપંચ અને પંચાયત સભ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વીજપડી ખાતે એડવોકેટનાં કાર્યાલયની મુલાકાતે કોંગેસના આગેવાનો



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાનાં વિજપડી ગામે મલેક પરિવારનાં શુભ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અગ્રણી વલ્લભભાઈ ઝીઝુંવાડીયા તથા ગામનાં સામાજિક કાર્યકરો સાવરકુંડલાનાં સીનીયર એડવોકેટ અને પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાનાં કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે પધારેલ તે વેળાની તસ્વીરમાં તાલુકા પંચાયતનાં પૂર્વ સદસ્ય મેહુલભાઈ રાઠોડ, લોહાણા સમાજનાં પ્રમુખ પ્રફુલ્લભાઈ નગદીયા, પંચાયતનાં સીની સભ્ય હકાભાઈ ગુજવાડીયા, પૂર્વ સદસ્ય સંજયભાઈ વાઘેલા સખી દાતા યુનુસભાઈ પોહાર દ્રષ્ટિગોચર થાય છે.

### ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

## અમરાપુર મુકામે અમરેલી, કુંકાવાવ, વડિયા રોડ વાઈડનિંગના વિકાસકામનું ખાતમુહૂર્ત સંપન્ન

### અંદાજિત કુલ રૂા. ૫૦ કરોડથી વધુની રકમના ખર્ચે હયાત રોડની પહોળાઈમાં વધારો થશે



અમરેલી, તા. ૧૩

અમરેલીના અમરાપુર મુકામે ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી, કુંકાવાવ, વડિયા રોડ વાઈડનિંગ અને સ્ટ્રેન્ધનીંગના વિકાસકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. અંદાજિત કુલ રૂ. ૫૦ કરોડથી વધુની રકમના ખર્ચે રોડ વાઈડનિંગની કામગીરી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, રોડ વાઈડનિંગ થયે આ રોડ પરથી પસાર થતા વાહનો માટે પરિવહન સગવડતામાં વધારો થશે.

ઉલ્લેખનીય છે કે, અમરેલી–કુંકાવાવ–વડીયા હયાત રોડની પહોળાઈમાં વધારો થશે, જરૂરીયાત મુજબ નવા સ્ટ્રક્ચર, સી.સી રોડ અને રોડ સેફટી લગત કામગીરી પણ કરવામાં આવશે.

સમગ્ર અમરેલી જિલ્લામાં રોડ–રસ્તા, પ્રાથમિક શાળાઓના નવા બિલ્ડિંગ સહિતના વિકાસકામોની કામગીરી તેજ ગતિથી આગળ ધપી રહી છે. વિવિધ વિકાસ પ્રકલ્પો થકી જિલ્લાની રોનકમાં વધારો થશે. નાગરિકોને ઉત્તમ સુવિધાઓ મળશે.

અમરાપુર મુકામે રોડ વાઈડનિંગના વિકાસકામના ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા અને તાલુકા પંચાયત સભ્યો, સરપંચ અને પંચાયત સભ્યઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### રોજગારી મેળવી શકે તેવા ઉમદા હેતુથી

## અમરેલી જિલ્લામાં ૪,૫૩૩ દિવ્યાંગોને રૂપિયા ૪,૪૨ કરોડની સહાયનુ વિતરણ

### ૧,૧૦૧ દિવ્યાંગોને એસ.ટી. બસનાં પાસનું વિતરણ

અમરેલી, તા. ૧૩

રાજય સરકાર દ્વારા દિવ્યાંગો અને નિરાધાર બાળકો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. સંવેદનશીલતા સાથે દિવ્યાંગોનું આર્થિક અને સામાજિક ઉત્થાન થાય તે માટે રાજય સરકાર કટિબદ્ધતા સાથે પ્રયત્નશીલ છે. અમરેલી જિલ્લામાં કાર્યરત સમાજ સુરક્ષા કચેરી દ્વારા વર્ષ ૨૦૨૫ દરમિયાન વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થી સુધી પહોંચાડવામાં આવ્યો છે.જિલ્લામાં દિવ્યાંગોને લાંબા અંતરની મુસાફરીની સરળતા સાથે સગવડતા મળે તે માટે કુલ ૧,૧૦૧ દિવ્યાંગોને એસ.ટી બસ નિઃશુલ્ક મુસાફરી પાસનું વિતરણ કરવામાં આવ્યુ છે. સાથે ૧૫૪ દિવ્યાંગોને દિવ્યાંગતામાં મદદરૂપ થવા વિવિધ પ્રકારના સાધનોના મંજૂરી હુકમ એનાયત કરવામાં આવ્યા છે. કુલ ૪,૫૩૩ તીવ્ર દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોનનુું આર્થિક સશકિતકરણ ઝડપથી થાય તે માટે રોજગારલક્ષી સહાય માટે રૂ. ૪.૪૨ કરોડથી વધુની રકમની સહાય મંજૂર કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા સામાજિક સશકિતકરણના ભાગરૂપે અનેકવિધ પહેલો શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લાના કુલ ૩૭ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ. ૧૮.૫ લાખથી વધુની રકમની દિવ્યાંગ લગ્ન સહાયની ચૂકવણી કરવામાં આવી છે. ઉપરાંત ૧૭૪ દિવ્યાંગ વિદ્યાર્થીઓને રૂ. ૧.૭૪ લાખની શિષ્યવૃત્તિ સહાયનું વિતરણ કરવામાં આવ્યુ છે. આમ, રાજય સરકાર દ્વારા શિક્ષાથી લઈને લગ્ન સુધી દિવ્યાંગોને કોઈ તકલીફ ન પડે ઉપરાંત તેમનું સશકિતકરણ થાય તે પ્રકારે છેવાડાના લાભાર્થી સુધી લાભનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. દરેક નિરાધાર બાળકને પાલકનો સાથ મળે અને સન્માન સાથે જીવન જીવી શકે તે પ્રકારના ઉમદા ઉદ્દેશ સાથે પાલક માતા–પિતા યોજના અમલી છે. આ યોજના હેઠળ જિલ્લામાં કુલ ૩૭૩ નિરાધાર બાળકોને રૂ. ૧.૩૬ કરોડથી વધુની રકમની સહાયનો લાભ પહોંચાડવામાં આવ્યો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સરકાર સીધી જ લાભાર્થીના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી વિવિધ સહાયનું વિતરણ કરે છે, જે લાભાર્થીની સગવડતામાં વધારો કરે છે. દિવ્યાંગો સહિત શોષિત અને વંચિતો ગૌરવભેર જીવન જીવી શકે, સન્માન સાથે પ્રગતિ તરફ આગળ ધપી શકે, ઉપરાંત ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકે તે માટે સંવેદનશીલતા સાથે રાજય સરકાર દ્વારા સફળ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સામાજિક અને આર્થિક ઉન્નતિ માટે રાજય સરકાર દ્વારા અનેક યોજનાઓનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. દરેક લોકલ્યાણકારી યોજનાઓના માધ્યમથી રાજયમાં ''જન જનનું કલ્યાણ''નું સપનું સાકાર થઈ રહ્યું છે.


૨૫મી પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન



સ્વ. શ્રી રમણિકલાલ ભુપતલાલ દોશી

જન્મ તા. ૩૧-૧૨-૧૯૨૪ ■ સ્વ.તા. ૧૪-૦૨-૨૦૦૧

શ્રી બી.જે. દોશી હાઈસ્કૂલ અમરાપુર (ધાનાણી) વિદ્યામંદિરના શિલ્પી, શિક્ષણપ્રેમી, ગામ અગ્રેવાન તેમજ દીર્ઘદ્રષ્ટા સ્વ.શ્રી રમણિકલાલ ભુપતલાલ દોશી ની ૨૫મી પુણ્યતિથિ નિમિત્તે શાળાના સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાસુમન અર્પણ કરેલ તેમજ તેઓના ઉમદા જીવન વિશે શાળાના બાળકોને માહિતગાર કરેલ છે. ભગવાન સદ્દગતનાં આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના સહ વંદન...

લી.

કમલેશભાઇ આર. દોશી

પ્રમુખશ્રી : અમરાપુર કેળવણી મંડળ

આચાર્યશ્રી : બી.જે. દોશી હાઇસ્કૂલ

તથા શાળા પરિવાર, મુ. અમરાપુર (ધાનાણી)



''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## અમરેલી : કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ ખાતે 'બજેટ ટોક @ કેમ્પસનું'નું આયોજન થયું



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલલત કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ ખાતે આજ રોજ તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬નાં રોજ 'બજેટ ટોક @ કેમ્પસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને કેન્દ્રદીય બજેટ ૨૦૨૬ની સકારાત્મક અસરો વિષે માહિતી આપવા માટે અમરેલી જિલ્લાના નોડલ ઓફિસર ડો. અશોકભાઈ ચંદ્રવાડીયા, કે.કે.પારેખ કોમસટ કોલેજનાં અધ્યાપક ડો. એ. બી.ગોરવાડીયા તર્થા સરકારના પ્રતિનિધિ કેતનભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. એ.જે.ચદ્રવાડીયા ધ્વારા ઉપસ્થિત મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તર્થા મોમેન્ટો તરીકે ડો. જીવરાજ મેહતાના જીવનને ઉજાગર કરતું પુસ્તક 'સમતા નો મેર' આપીને મહાનુભાવોનું અભિવાદન કરી મહેમાનો પરિચય આપવામાં આવ્યો હતો. ડો. એ.બી.ગોરવાડીયા ધ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬ની સકારાત્મક અસરો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ડો. ગોરવાડીયાએ બજેટની તલસ્પશી વિગતો વિદ્યાર્થીઓને આપી હતી. કેતનભાઈ સોનીએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિદ્યાર્થીઓને કેવી રીતે ઉપયોગી થઈ શકે તે વિશેની માહિતી આપી અને વિદ્યાર્થીઓને જ્ઞાનપ્રાપ્તિ અને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. પુર્વેશભાઈ વ્યાસએ કયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.આ કાર્યક્રમના સફળ આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં પ્રમુખ અને સર્વોત્તમ શિક્ષણનાં સ્વપ્ન દ્રષ્ટા વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ અને સમગ્ર ટ્રસ્ટ પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલી ખાતે ''વેદ બ્લડ બેન્ક'' દ્વારા નિઃશૂલ્ક સારવાર કેમ્પ યોજાયો



અમરેલી ખાતે ચક્કરગઢ રોડ ઉપર વેદ બ્લડ બેન્ક ધ્વારા જીસીએસ હોસ્પિટલ અને લાયન્સ કલબ ઓફ અમરેલી સિટી માનવ કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટનાં સહયોગથી કેન્સર, હૃદયનાં રોગો, મણકાનાં રોગો અને મુત્ર માર્ગનાં રોગોનો નિઃશૂલ્ક સારવાર કેમ્પ યોજાયો.

રાજકોટના પ્લાસ્ટિક અને રિકન્સટ્રકિટવ સર્જરીનાં નિષ્ણાંત તથા ડાયાબીટીક ફૂટ સર્જન

હવે આપના અમરેલી શહેરમાં મળશે

સિનર્જી સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ — Together We Care —

24/7 Emergency Services

ડો. નિરજ ભાલારા
MS (General Surgery)
M.Ch. (Plastic & Reconstructive Surgery)

મહિનાના બીજા શનિવારે
તા. ૧૪/૦૨/૨૦૨૬
બપોરે ૧૨ થી ૨

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 95121 40042


## ૮-૮ ઉપપ્રમુખ, મંત્રી અને ૩ મહામંત્રી, ૧-૧ કોષાધ્યક્ષ, કાર્યાલય મંત્રી, સોશ્યલ મીડિયા અને મીડિયા વિભાગ મળી

# અંતે અમરેલી જિલ્લા ભાજપનું સંગઠન માળખુ જાહેર કરાયુ

**જિલ્લા યુવા મોર્ચો, મહિલા મોર્ચો, કિસાન મોર્ચો, બક્ષીપંચ મોર્ચો, અનુ.જાતિ મોર્ચો અને લઘુમતી મોર્ચાનાં જિલ્લા પ્રમુખ, મહામંત્રીની વરણી**

**જિલ્લામાં પ્રમુખ બાદનાં મહામંત્રી પદ માટે મયુરભાઈ માંજરીયા, ચેતનભાઈ શિયાળ અને રાજુભાઈ ભુતૈયાને જવાબદારી**

**ઉપપ્રમુખપદે મેહુલ ધોરાજીયા, શરદ પંડ્યા, દીપક વઘાસીયા, ગીતાબેન કારીયા, ધર્મેન્દ્ર ગૌસ્વામી સહિતને જવાબદારી**

**સોશ્યલ મીડિયા, આઈ.ટી. અને મીડિયામાં દિવ્યેશ વેકરિયા, રાકેશ નાકરાણી અને વિપુલ ભટ્ટીને જવાબદારી**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા ભાજપનાં પ્રમુખ તરીકે અતુલ કાનાણીને જવાબદારી સોંપાયા બાદ અનેક મહિનાઓથી જિલ્લાનાં સંગઠન માળખાની રચનાને લઈને અનેક વિધ અટકળો અને લાંબી રાહ જોવાયા બાદ અંતે આજે જિલ્લા ભાજપ અને વિવિધ મોર્ચાનાં પ્રમુખ અને મહામંત્રીની વરણી કરવામાં આવી છે.

જિલ્લા ભાજપ સંગઠનમાં એક પ્રમુખ, ૩ મહામંત્રી, ૮ ઉપપ્રમુખ, ૮ મંત્રી અને ૧ કોષાધ્યક્ષ, ૧ કાર્યાલય મંત્રી, ૧ સોશ્યલ મીડિયા, ૧ આઈ.ટી. વિભાગ અને ૧ મીડિયા વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે.

તદુઉપરાંત, જિલ્લા યુવા

અનુસંધાન પાના ૬ ઉપર


અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર
આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર
ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Business Development Manager
  Experience : 1-2 Years
- Senior Accountant - 1
  Experience : 1-2 Years (Male)
- Junior Finance Officer - 1
  Experience : 1-2 Years (Male)
- Parlour Manager - 1
  Experience : 1-2 Years
- Cashier - 1
  Experience : 1-2 Years
- Sales Coordinator - 2
  Experience : 1-2 Years

Location :
Amreli

hrscpl1987@gmail.com
+91 95109 59957


### ડો. કેયુર કોટડીયા, ડો. બીના જી. રાબડીયા અને ડો. સોનલ જી. રાબડીયા દ્વારા

# અમરેલીનાં આંગણે માણેકપરામાં મહાશિવરાત્રિનાં પાવન દિને ''આયુરગ્લો'' આયુર્વેદિક એસ્થેટિક્સનો દબદબાભેર પ્રારંભ

**આધુનિક ટેકનોલોજીથી સ્કીન, હેરની તેમજ અન્ય સામાન્ય દર્દોની આયુર્વેદિક સારવાર કરાશે**



અમરેલી, તા. ૧૩

અમરેલીનાં આંગણે મહાશિવરાત્રીનાં પવિત્ર દિન રવિવારે સવારે ૮ કલાકે ડો. કેયુર કોટડીયા, ડો.બીના જી. રાબડીયા અને ડો. સોનલ જી. રાબડીયા ધ્વારા માણેકપરા હોટેલ અમરેલી ઈન ગ્રાઉન્ડ ફલોર ખાતે ''આયુરગ્લો'' એસ્થેટિકટનાં પ્રારંભમાં માતુશ્રી પ્રભાબેન રામજીભાઈ કોરડીયાનાં વરદ્દહસ્તે થઈ રહયો હોય. આંમત્રીતોને પધારવા અનુરોધ કરવામાં આવેલ છે.

અત્યાધુનિક ટેકનોલોજીનાં ઈન્સ્ટુમેન્ટથી ચામડીની સારવાર જેવી કે, મેડી હાઈડ્રાકેસિયલ, કાર્બન પીલિંગ, હોલીવુડ મેડી કેસિયલ, વેજપાયર ફેસિયલ/ફેસ પી.આર.પી, મિજોથેરાપી, અને પી.આર.પી, સ્ટેચ માર્ક (પ્રેગ્નન્સી કે મેદસ્વિતા રિલેટેડ) દુર કરવા, સ્કાર (ટ્રોમા રિલેટેડ) રીમુવલ, એન્ટિએજિંગ પ્રોસીજર, ચહેરા પરની કરચલીયો દુર કરવી, ખીલના ડાઘ, ખાડાની સારવાર, ખીલ કાળી ડોક તથા મેદ સ્વિતાની સારવાર, મેલાસ્મા (પ્રેગ્નન્સી–વખતની હાઈપરપિગમેન્ટેશન)ની મિજો થેરાપીથી સારવાર ડાયાબિટિશનાં દર્દીને થતાં સ્ટ્રેચ માર્ક, ગરદન કાળી પડી જવી, ચામડી પર ડાઘની સારવાર, ગરદન તથા શરીર પરના મસા–વાર્ટને મશીનથી કાઢવાની સારવાર, પેટ, કમર, ડબલચીન, હાથ પરની વધારાની ચરબી વિગેરેને ફોટો થેરાપી ધ્વારા દુર કરવી. અણગમતા બર્થ માર્ક (લાખું) લેસરથી કાયમી કાઢવું, લેસરથી અણગમતા ટેટુને કાયમી દુર કરવું, માઈક્રોડમાં એબેશન પ્રોસીજર તથા વાળ માટે અત્યાધુનિક મશીન ધ્વારા સારવાર જેવી કે, ખરતા વાળ માટે પી.આર.પી. સારવાર, ટાલ–એલોપેસિયાની લેસર તથા એલ.ઈ.ડી. લાઈટ ધ્વારા સારવાર, ડેન્કફની અત્યાધુનિક મશીન ધ્વારા સારવાર.

ઓછા હેર ગ્રોથ માટે મિજોથેરાપી સારવાર, શરીરના કોઈપણ ભાગમાં અણગમતા વાળ, હેર રીડકશનને અત્યાધુનિક લેસર મશીનથી કાયમી ઓછા કરવાની સારવાર.

કાયોલાઈપોલીસીસ મશીન ધ્વારા કમર, પેટનો મોટાપો, નિતંબ પરની વધારાની ચરબી, ડબલ

અનુસંધાન પાના ૬ ઉપર


આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એક્સપ્રેસ''નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેકશન કરી શકે તેવા વ્યકિતઓની સા.કુંડલા, દામનગર, નાગેશ્રી, ટીબી, ડુંગર, ડેડાણ, સહિતના નાના–મોટાગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત ''અમરેલી એક્સપ્રેસ'' સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે / સમયે રુબરુ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.
એજન્ટ/પત્રકારની નિમણુંક કરવાની છે
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
લવાજમની મુદ્દત
તા.૦૧/૦૧/૨૦૨૬
થી
તા.૩૧/૧૨/૨૦૨૬
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)